જગતમાં જીવ કેટલા છે ?

સ્વામી માધવતીર્થ

પ્રત : ૧૦૦૦
આવૃત્તિ ત્રીજી

શિવરાત્રી
તા. ૦૬-૦૩-૨૦૦૮

પ્રકાશક
વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ
મુ.ફુલપુરા, પોસ્ટ વલાદ,
જિ. ગાંધીનગર-૩૮૨૫૫૫



પ. પૂ. સ્વામી માધવતીર્થજી મહારાજ

પ.પૂ. સ્વામિ શ્રી કૃષ્ણાનંદજી મહારાજ

પ્રસ્તાવના

હિંદુધર્મના શાસ્ત્રો અદ્વૈતને પરમ તત્ત્વ માને છે. અદ્વૈત એટલે બે તત્ત્વ નથી, છતાં પ્રત્યક્ષ પ્રમાણથી અનેક દેખાય છે. તેથી આ વિચાર કરવા જેવી બાબત છે. વળી કેટલાક વર્ષ પહેલાં પશ્ચિમના દેશોમાં એમ માનવામાં આવતું હતું કે જીવ અનેક છે અને વસ્તુ પણ અનેક છે; પણ ઈ.સ.૧૯૦૫માં પ્રો.આઈન્સ્ટાઈને સાપેક્ષવાદની જે શોધ કરી છે તેનાથી બધાના પહેલાના જ્ઞાનમાં ફેરફાર થયો છે. It is called one man's revolution in the whole world. તેનાથી દેશ અને કાળ સાપેક્ષ થઈ ગયા છે. તેનું પરિણામ એ આવ્યું છે કે પશ્ચિમના સારા તત્ત્વ ચિંતકો પણ કહે છે કે તત્ત્વ એક છે એટલે અદ્વૈત સાચું છે અને તેથી જીવ પણ એક છે, છતાં પ્રત્યક્ષ પ્રમાણથી અનેક દેખાય છે તેથી આ બાબત ઉપર ફરીથી વધારે વિચાર કરવાની જરૂર રહે છે, અને આપણા જ્ઞાન માટે સાચું પ્રમાણ શોધવાની પણ જરૂર રહે છે. તે માટે આ નાના પુસ્તકમાં પૂર્વની અને પશ્ચિમની વિચારસરણી ટુંકામાં સમજાવેલ છે. સાચા વિચારની ટેવ પાડ્યા વગર માણસના જીવનમાં ઊંચો પુરૂષાર્થ થઈ શકતો નથી. તેથી આ પુસ્તકમાં શાસ્ત્રની દૃષ્ટિથી, યુક્તિથી, અનુભવથી અને સાયન્સથી ઉપરની બાબતનો વિચાર કરવામાં આવેલ છે. તેમાં કોઈ બાબત વાંચનારને કોઈ જગ્યાએ સમજવી મુશ્કેલ પડે તો ફરીવાર આખું પુસ્તક વાંચવું. આ વાર્તાનું પુસ્તક નથી. આમાં ગંભીર બાબતોનો વિચાર છે અને તે માટે એકાગ્રચિત્ત રાખીને સમજવાની ટેવ પાડવી જોઈએ. જેને આવી અઘરી બાબતો સમજાય છે તે પોતાના મનમાંથી ઘણી શંકાઓ દૂર કરી શકે છે, અને પરમ કલ્યાણનો માર્ગ મેળવી શકે છે.

સ્વામી માધવતીર્થ

વેદાન્ત આશ્રમ
પોસ્ટ - વલાદ (અમદાવાદ-પ્રાંતિજ રેલ્વે)
તા. ૧૫-૧૦-૧૯૪૯

નિવેદન

ચિદાભાસથી પ્રતિત થતા પ્રમાતાની દૃષ્ટિમાં હું, તું, તે, જીવ, જગત અને ઈશ્વર બધું જ છે. વાસ્તવમાં અજાતવાદ મુજબ ચિદાકાશ સિવાય કશું નથી અને તે પણ સમજાવવા માટે કહેવા પુરતું જ સત્ય છે. જ્યાં સુધી જોનારનું જ્ઞાન ઠીક ન થાય તથા જીવ જગત અને ઈશ્વરને જાણવા માટેનું સાચુ પ્રમાણ શું હોઈ શકે ? તે અંગે સમજ ન કેળવાય ત્યાં સુધી જગતમાં અનેક જીવ પ્રતિત થતા રહેવાના.

પૂ. માધવતીર્થ સ્વામીજીએ સાપેક્ષવાદ તથા શાસ્ત્રની દૃષ્ટિથી યુક્તિથી તથા અનુભવની સહાય દ્વારા સાચા વિચાર કરવાની પદ્ધતિ તથા દૃષ્ટિ આપવાનો પ્રયાસ કર્યો છે. આમાંનું જ્ઞાન અને સમજ ગુરુ ગમ્ય છે. આથી મહાત્માના સત્સંગ તથા ગુરુકૃપા વગર તે સરળતાથી સમજવું મુશ્કેલ છે.

આશા છે કે વાંચકોને આ પુસ્તક વિચાર કરવાની સાચી પદ્ધતિ, સાચા પ્રમાણની મદદથી અપરોક્ષાનુભુતિના માર્ગે આગળ વધવામાં આર્શિવાદરૂપ બનશે.

શિવરાત્રી — **વેદાંત આશ્રમ**

તા. ૦૬-૦૩-૨૦૦૮ — **વલાદ**

જગતમાં જીવ કેટલા છે ?

જગતમાં જીવ કેટલા છે અને તે ગણવા શી રીતે, તે પહેલાં નક્કી કરવું જોઈએ. માંકડ, મચ્છર, માછલાં, મગતરાં, કીડી, માંખી, ઉધઈ અને બીજા અસંખ્ય નાના અને બીજા ઝીણા જીવો કે જે આંખથી જોઈ શકાતા નથી તેની સંખ્યા ગણવા બેસીએ તો ગણી શકાય તેમ નથી. રોજ અસંખ્ય ઉત્પન્ન થાય છે અને અસંખ્ય મરે છે એવું સામાન્ય માણસની દૃષ્ટિથી જણાય છે.

શાસ્ત્રની દૃષ્ટિથી જોઈએ તો ત્યાં એમ જણાવેલું છે કે જે કાંઈ છે તે વિરાટ પુરૂષનું સ્વરૂપ છે. વેદમાં પુરૂષસૂક્તમાં આ બાબત સ્પષ્ટ કરેલ છે. **पुरुष एवेद ँ सर्वं यद् भूतं यश्च भाव्यम्** એટલે ત્રણે કાળે બધું એક પુરૂષ રૂપ છે. ગીતામાં અગિયારમા અધ્યાયમાં ભગવાને (અર્જુનને વિશ્વરૂપ બતાવીને) એમ કહેલ છે કે જે કાંઈ છે તે હું છું, તેથી માત્ર એક તત્ત્વ છે, અને એકની સત્-તા (સત્તા) છે.

યુક્તિથી જોઈએ તો સ્વપ્નામાં ઉંઘનારને તે વખતે ઘણા જીવ દેખાય છે. તે જાગે ત્યારે એક જીવ રહે છે. બીજા જીવમાં સત્તા એટલે હોવાપણું નહોતું, છતાં ભ્રાંતિથી ઘણા જીવ દેખાતા હતા. જાગ્યા પછી સ્વપ્નાના અનેક જીવ એકમાં લય પામે છે. ફરીથી જાગ્રતની અવસ્થા પ્રમાણે ઘણા જીવ દેખાય છે. તે વખતે સ્વપ્નાના જેવી ભૂલ થાય છે. સ્વપ્ન વખતે જેમ સ્વપ્નાની ભૂલની ખબર પડતી નથી, તેમ જાગ્રત વખતે જાગ્રતની ભૂલની ખબર પડતી નથી. જે પ્રમાણથી જે વસ્તુની સિદ્ધિ થાય તે પ્રમાણથી તેની નિવૃત્તિ થાય નહિ, એટલે જે જ્ઞાનથી ઘણા જીવ લાગે છે તે જ્ઞાનથી એક જીવ લાગશે નહિ. તે વખતનું આપણું જ્ઞાન પ્રમાણ બની જાય છે. પ્રમાણને અંગ્રેજી ભાષામાં Measure કહે છે. પ્રમાણની ભૂલ શોધવી એટલી અઘરી છે કે પશ્ચિમના વિદ્વાનો કહે છે કે "અમે ૨૦૦૦ વર્ષ સુધી ભૂલમાં પડ્યા

હતા અને ઈ.સ.૧૯૦૫માં પ્રો.આઈન્સ્ટાઈને અમને સાચો માર્ગ બતાવ્યો."

પશ્ચિમના નવા સાયન્સની દૃષ્ટિથી જોઈએ તો એ પ્રશ્ન થાય છે કે એક જીવ અને બીજા જીવની વચ્ચે જે ખાલી જગ્યા (Space) છે તે કોણે બનાવી ? સાપેક્ષવાદનું સાયન્સ કહે છે કે તે જગ્યા ભગવાને બનાવી નથી પણ જોનાર માણસના દેહના અભિમાનમાંથી બને છે. The space of percepts like the percepts is private- એટલે બે જીવ વચ્ચેની જગ્યા જોનારની દૃષ્ટિમાંથી (એટલે તેના પ્રમાણમાંથી) નીકળે છે. સ્વપ્નામાં બે જીવ વચ્ચે જે જગ્યા દેખાય છે, તે ભગવાને બનાવેલી નથી, પણ સ્વપ્નાનો જીવ (પ્રમાતા) પોતાને માટે એક જગ્યા લે છે અને બીજા પોતે નથી એવું જ્ઞાન ધારણ કરે છે ત્યારે વચલી જગ્યા બને છે. પણ જાગ્રતના પ્રમાણથી સ્વપ્નાની વચલી જગ્યા ઉડી જાય છે. જાગ્રતના અનુભવ માટે સાપેક્ષવાદનું સાયન્સ (Theory of Relativity) કહે છે કે જોનાર માણસ જે કાંઈ જુએ છે તે કોઈ વસ્તુ નથી પણ બનાવ (Event) છે અને બનાવના ભાગ બની શકતા નથી તેથી અનેક વસ્તુ બનતી નથી. તેમનો સિદ્ધાંત નીચે પ્રમાણે છે :-

Events are not penetrable as matter is supposed to be. Space-time is not the framework of the world of nature but of the world of our sense-perception. The laws of nature tell us nothing about nature but certainly something about our-selves.

એટલે

એટલે દેશ અને કાળ એ જગતમાં નથી પણ જગત સાથે આપણા સંબંધમાં રહેલા છે.

તેથી જેને અનેક જીવ દેખાય છે તેણે સાબીત કરવું જોઈએ કે

તેણે અનેક જીવ કેવી રીતે જોયા. પ્રત્યક્ષ પ્રમાણ સાચું નથી. પ્રત્યક્ષ પ્રમાણમાં ઘણી ભૂલો પડે છે. જેમ કે :-

૧. સૂર્ય પૃથ્વી કરતાં મોટો છે છતાં નાનો દેખાય છે.
૨. ચંદ્ર ઉપર બીજ, ત્રીજ, ચોથ નથી છતાં આંહીથી દેખાય છે.
૩. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે છતાં પ્રત્યક્ષ રીતે ફરતી દેખાતી નથી.
૪. પ્રો.આઈન્સ્ટાઈને ગણિતથી સિદ્ધ કર્યું છે અને ફોટાથી સાબીત થયું છે કે તારા જ્યાં છે ત્યાં દેખાતા નથી અને જ્યાં નથી ત્યાં દેખાય છે.
૫. દોરડીમાં સર્પ દેખાય છે, છીપમાં રૂપું દેખાય છે, જળ ન હોય ત્યાં (મૃગ) જળ દેખાય છે અને ઠુંઠામાં પુરૂષ દેખાય છે. આવી બાબતોમાં પ્રત્યક્ષ પ્રમાણ ખોટું પડે છે.
૬. આપણે જ્યારે સૂર્યને જોઈએ છીએ ત્યારે આઠ મીનીટ પહેલાંનો સૂર્ય આપણને દેખાય છે, કારણ કે સૂર્યનું તેજ પૃથ્વી ઉપર આવતાં આઠ મીનીટ લાગે છે. સૂર્યનું તેજ સૂર્ય ઉપરથી નીકળ્યા પછી સૂર્યનો નાશ થાય તોએ આપણને આઠ મીનીટ સુધી સૂર્ય દેખાયા કરશે તેથી સૂર્ય વિશે આપણા જ્ઞાનની તપાસ કરીએ તો એ કોઈ વસ્તુ (object) નથી પણ એક બનાવ અથવા ઘટના (event) છે, એમ કહેવું જોઈએ. એ જ પ્રમાણે આપણે કોઈ માણસને જોઈએ અથવા પર્વતને જોઈએ તો તેના રૂપના તેજના કિરણ આપણી આંખમાં પહોંચતાં વાર લાગે છે તેથી આપણે કોઈ વસ્તુને જોતા નથી પણ બનાવ (event) ને જોઈએ છીએ.
૭. બનાવમાં દેશ-કાળ સાથે રહેં છે અને જેવો બનાવ તેવા દેશકાળ બની જાય છે. જે બનાવ એક જોનાર (observer) ને એક

પ્રકારના દેશ-કાળવાળો લાગે તે બીજા જોનારને બીજા પ્રકારના દેશ-કાળવાળો લાગે છે.

તેથી પ્રત્યક્ષ પ્રમાણ સાચું નથી. પ્રત્યક્ષ પ્રમાણથી જેવી વસ્તુ હોય તેવી દેખાતી નથી. છતાં તે પ્રમાણથી વ્યવહાર ચાલે છે. જેવું સ્વપ્નામાં બને છે તેવું જાગ્રતમાં બને છે.

બીજા માણસો કેવા છે તે જાણવું હોય તો માત્ર આપણા જ્ઞાન ઉપર બધો આધાર છે. સામા માણસના મનની અંદર કેવા વિચાર ચાલે છે તે આપણે જાણી શકતા નથી. બીજા માણસ સાથે વાતો કરતાં તેના હાથની ગતિ, આંખો વગેરે ઉપરથી અને વાણી ઉપરથી કાંઈક અનુમાન તેના વિશે બાંધી શકાય છે; છતાં બીજા માણસ વિશે આપણને સંપૂર્ણ જ્ઞાન મળી શકતું નથી. આપણા જ્ઞાન પ્રમાણે બીજાને જાણવાનો પ્રયત્ન કરીએ છીએ તેથી પહેલાં આપણું જ્ઞાન બરાબર છે કે નહિ તેની તપાસ કરવી જોઈએ. બીજાની વાતો માની લેવી એ એક બનાવ છે, તેના ઉપર બરાબર વિચાર કરવો એ બીજી વાત છે, પોતાની વિચારશક્તિ બરાબર છે કે નહિ તેની તપાસ કરવી એ ત્રીજો બનાવ છે.

હવે ફરીથી શાસ્ત્રનું પ્રમાણ લઈએ તો શ્રીમદ્ ભાગવતમાં ચતુઃશ્લોકી ભાગવતમાં ભગવાન બ્રહ્માને કહે છે કે પહેલાં હું જ હતો, પછી પણ હું જ છું અને છેવટે પણ હું જ રહીશ. ભાગવતમાં એકાદશ સ્કંધમાં હંસગીતા વખતે (૧૧-૧૩-૨૨) જ્યારે હંસ ભગવાન બ્રહ્મા ને સનકાદિ પાસે પ્રગટ થાય છે ત્યારે બ્રહ્મા હંસને પૂછે છે કે આપ કોણ છો? તેના જવાબમાં હંસ ભગવાન કહે છે કે "જો વસ્તુ એક છે તો તમે પ્રશ્ન કોને પૂછો છો અને વસ્તુ એક જ છે તેથી હું પણ કેવી રીતે ઉત્તર આપી શકું?" આંહી એક જીવવાદનો સિદ્ધાંત અંગીકાર કરેલો છે. જે અનેકપણું જણાય છે તે ઉપાધિને લઈને જણાય છે, જેમ કે

વરસાદના વખતમાં પાણીનાં ઘણાં ખાબોચીઆં થઈ જાય છે, તેમાં તે વખતે ઘણા સૂર્ય જોવામાં આવે છે, પણ વાસ્તવમાં સૂર્ય એક છે. આંહી અનેકપણું પાણીની ઉપાધિને લઈને જણાય છે. તેવી જ રીતે માણસ પણ પાણીના ટીપામાંથી બને છે, તેમાં એક સર્વવ્યાપક ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે, જેથી જેટલી પાણીથી બનેલી ઉપાધિ તેટલા જીવ જણાય છે, પણ વાસ્તવમાં ચૈતન્ય એક જ છે. થોડા જીવ મરી જાય ત્યારે પાણીના તેટલા ખાબોચીઆ સુકાઈ ગયા એમ જાણવાનું છે. ઉપાધિના ધર્મ આવવાથી કે જવાથી અધિષ્ઠાનને કાંઈ થતું નથી.

યુક્તિથી જોઈએ તો બધા પોતાને 'હું' કહે છે અને 'હું'નું બહુવચન થતું નથી. 'હું'નું બહુવચન અમે કરીએ તો સાથે તું અને તે લેવા પડે, તેથી હું એક છે પણ ખોટો હું બીજા હુંને તું કહે છે. કેટલાક એવો પ્રશ્ન પણ કરે છે કે જો જીવ એક હોય તો એકના સુખથી બીજાને સુખ થવું જોઈએ અને એકના દુઃખથી બીજાને દુઃખ થવું જોઈએ અને એકના મોક્ષથી સર્વને મોક્ષ મેળવો જોઈએ. પણ એ અંતઃકરણના ધર્મ છે. સુખદુઃખ અંતઃકરણને થાય છે. અંતઃકરણ ઉંઘમાં જતું રહે છે તેથી તે વખતે સુખદુઃખ લાગતા નથી. ઉંઘમાં માત્ર અજ્ઞાન રહે છે તેથી સ્વરૂપનું ભાન થતું નથી. મોક્ષ પણ અજ્ઞાનનો કરવાનો છે. અજ્ઞાન એટલે આત્માનું અગ્રહણ. જાગ્રતમાં આત્માના અગ્રહણને લઈને અન્યથાગ્રહણ થાય છે અને અન્યથાજ્ઞાન થાય છે. ખાસ કરીને જાગૃતમાં અને સ્વપ્નમાં જીવ પોતાને દેશ અને કાળની હદમાં લાવે છે ત્યારે વિપરીત ભાવના ઉત્પન્ન થાય છે.

સાપેક્ષવાદનું સાયન્સ પણ કહે છે કે:

When the individual time and space of any particular individual are welded together, the individual is found to drop out altogether, the constituents are subjective to a particular individual but the product is

objective.

(New background of science by Sir J. Jeans, page 98).

એટલે જ્યારે કોઈ જીવ દેશ-કાળના પરિચ્છિન્ન ભાવમાં આવી જાય છે ત્યારે ખરો જીવ કોણ છે તેની ખબર પડતી નથી. કારણકે તે વખતે દેશ-કાળનો અધ્યાસ થાય છે.

ફરીથી શાસ્ત્રની દૃષ્ટિથી જોઈએ તો ઈશ-ઉપનિષદમાં પહેલાં મંત્રમાં કહેલ છે કે :- જગતમાં જે કાંઈ છે તે ઈશ્વરથી આચ્છાદન કરવા યોગ્ય છે એટલે એક ઈશ્વરરૂપ છે. દોરડીમાં ભૂલથી દેખાતા સર્પ, દંડ, ધારા, માલાને દોરડીના જ્ઞાનથી ઢાંકી દેવા લાયક છે તેવી જ રીતે ઈશ્વરના જ્ઞાનથી જગતનો ત્રિકાલિક નિષેધ કરવા જેવો છે.

યુક્તિથી જોઈએ તો કોઈ વખતે લાલ ફૂલની પાસે રહેલ સ્ફટીક લાલ દેખાય છે. તે વખતે કોઈ અંતરાયથી લાલ ફૂલનું દર્શન ન થાય તો સ્ફટીક લાલ છે એવી બુદ્ધિ થઈ જાય છે, તેવી જ રીતે જે વખતે આત્માથી અંતઃકરણનું પ્રથક્ દર્શન થતું નથી, તે વખતે કર્તૃત્વ વગેરે ધર્મોની આત્મામાં પ્રતીતિ થાય છે. તે વખતે દેશ-કાળનું પરિચ્છિન્નપણું ઉત્પન્ન થાય છે અને એકની જગ્યાએ અનેક જીવ દેખાય છે. ભૂલમાં પડેલા માણસને ભૂલમાં રહીને પોતાની ભૂલ શોધવી મુશ્કેલ પડે છે.

સાયન્સની દૃષ્ટિથી જોઈએ તો તેઓ હવે જાગ્રતના અનુભવને પણ સ્વપ્નાના જેવા કહે છે. બી.રસેલ કહે છે કે The mistake lies in taking our percepts to be the physical world. The dream which we call waking perceptions have only a very little more resemblance than the fantastic dreams of sleep.

એટલે જાગ્રત પણ એક સ્વપ્ના જેવું જ છે. જેમ સુતેલો પુરૂષ પોતાના કર્મના પ્રતિબંધપણાને લઈને પોતાના સ્વપ્નના શીઘ્ર

વિનાશીપણાને જાણતો નથી, તેમ બ્રહ્માદિક પણ પોતાની દૃષ્ટિથી, આ જગતરૂપી સ્વપ્નને, કર્મોના પ્રતિબંધને લીધે, શીઘ્ર વિનાશી જાણતા નથી. તેવી જ રીતે માણસ પણ પોતાના જાગ્રત જગતને કર્મના પ્રતિબંધને લીધે પોતાની દૃષ્ટિથી શીઘ્ર વિનાશી જાણતા નથી. (કર્મનો અર્થ events થઈ શકે છે.)

ફરીથી શાસ્ત્રની દૃષ્ટિથી જોઈએ તો યોગવાસિષ્ઠમાં (ઉત્તરાર્ધ, પાનું ૫૧૯) કહેલ છે કે વૃક્ષમાં ફળ શાખા વગેરે જે દેખાય છે તેમાં બીજ સત્તાજ સર્વત્ર એક અખંડપણે રહેલી છે. એવી ઐક્યદૃષ્ટિ થાય તો પછી શાખા વગેરેની જુદી સત્તા ન જાણતાં બીજવૃક્ષનું કાર્યકારણપણું ક્યાં રહે? તેવી જ રીતે એક ચૈતન્ય સર્વત્ર સર્વદા વિવર્તભાવથી રહેલ છે, એવી જો દૃષ્ટિ થાય તો પછી તેનો કાર્યકારણભાવ ક્યાં રહે?

તો પછી ભેદ કેમ દેખાય છે? તે માટે યુક્તિથી જોઈએ તો એક જગ્યાએ ઘડો અને દીવો બન્ને હોય ત્યારે જો ઘડા ઉપર આવરણ હોય તો પ્રકાશનું ઘટની સાથે વ્યવધાન (અંતર) પડી જશે અને દીપકને ઢાંકવાથી પરસ્પર બન્નેનું વ્યવધાન થશે. જડ ઘટ વગેરેને સ્વસત્તા ન હોવાથી આવરણ બની શકતું નથી, પણ ચેતનના અજ્ઞાન દ્વારા આવરણ થવાથી વિષયનું અને ચેતનનું વ્યવધાન બની જાય છે. આવા વ્યવધાનથી વિષયમાં અજ્ઞાતતા આવી જાય છે, તેથી કોઈપણ રીતે ચેતનનું અજ્ઞાન દૂર કરવું જોઈએ. અવિદ્યાનું કાર્ય પોતાના ઉપાદાનભૂત અવિદ્યાને તિરોહિત કરી દે છે તેથી વસ્તુનો પ્રકાશ થઈ જાય છે અને તદ્વિષયાવચ્છિન્ન ચૈતન્યમાં અવિદ્યાનું સ્વરૂપ દેખાતું નથી. જો તે અવિદ્યાનું સ્વરૂપ દેખાય તો વિષયનો પ્રકાશ જ થઈ શકતો નથી. કારણ, દેખાય તો કાર્યનું સ્વરૂપ પ્રગટ થઈ જાય. સ્વપ્નામાં જો અવિદ્યાના સ્વરૂપની ખબર પડે તો સ્વપ્નું જ રહે નહિ. બાધ થયા વગરનો લાંબા કાળનો જગતનો પરિચય જ જગતની

સત્યતાની ભ્રાંતિના દઢપણાનું કારણ છે. પરંતુ બાધિત થયેલા પદાર્થનો લાંબા કાળનો પરિચય જગતની સત્યતાની ભ્રાંતિના દઢપણાનું કારણ થતો નથી. આ કારણને લઈને જ્યારે ઈ.સ.૧૯૦૫માં સાપેક્ષવાદની શોધ થઈ ત્યારે સ્વપ્નામાંથી જાગ્યાની માફક પશ્ચિમના વિદ્વાનોને લાગ્યું કે તેઓ લાંબા કાળની ભૂલમાં પડ્યા હતા.

નવા સાયન્સ પ્રમાણે જીવ અને જગતને સમજવા માટે નીચે પ્રમાણે બે રીત પ્રો.મીલન બતાવે છે :-

There are two separate ways of attacking the structure of the universe, the one is to make use of every available piece of empirical knowledge known to be valid on the small scale; the other is to begin with the situation actually presented to us by the totality of things without supposing ourselves to know anything (to start with) of the facts used in the first method. In the second method, we attempt a complete reconstruction of physics from the bottom upward on an axiomatic basis. The second method frees itself from the presuppositions tacitly implied in the first method. When these presuppositions are removed, it will be seen that the differing possibilities are different descriptions of one and the same entity, descriptions which originate from the tacit adoption of different scales of time.

એટલે ટુંકામાં જગતને સમજવા માટે બે રસ્તા છે :

૧. વ્યવહારમાં આપણને જેટલું જ્ઞાન મળ્યું હોય તેનો ઉપયોગ કરવો.

૨. વ્યવહારિક જ્ઞાન બાબતમાં આપણે કાંઈ જાણતા નથી એમ માનીને બધા બનાવ એક સાથે જોવાની અને જાણવાની ટેવ પાડવી.

આ રીત પ્રમાણે જગત તદ્દન જુદા પ્રકારનું જણાશે એટલે કે જોનારના જ્ઞાનમાં આવેલ દેશ-કાળ પ્રમાણે જગત જણાશે, અથવા દેશ-કાળની હદ રાખ્યા વગર બધું એક સાથે ભગવાનરૂપે જાણી શકાય તો પણ સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

જ્યારે કોઈપણ પ્રશ્નનો ઉત્તર જોઈએ ત્યારે પ્રશ્ન બરાબર કરતાં આવડવો જોઈએ. ભગવાનથી જીવ જુદો કેમ પડી ગયો એવો પ્રશ્ન કરવો હોય તો ભગવાનનું અને જીવનું બન્નેનું જ્ઞાન થવું જોઈએ. ભેદના જ્ઞાનમાં પ્રતિ યોગીના જ્ઞાનની જરૂર રહે છે. તેવી જ રીતે કોઈ માણસ એવા પ્રશ્ન કરે કે :-

૧. જગતનું શું થશે ?
૨. દેશનું શું થશે ?
૩. સમાજનું શું થશે ?
૪. કુટુંબનું શું થશે ?
૫. મારૂં શું થશે ?

પણ આ પ્રશ્નો સાચા નથી; કારણ કે દેશ કે જગત પોતે કહેતા નથી કે પોતે કેવા છે તેથી જે માણસને જે જ્ઞાનથી જે જગતનું અથવા જે દેશનું જ્ઞાન જેવી રીતે થયું તેની પહેલાં તપાસ કરવી જોઈએ. પોતાના સમાન કાળ સુધી સુઈ રહેલા પુરૂષોના સ્વપ્નમાં દેખાતી સૃષ્ટિની રચના જેમ પોતપોતાની દૃષ્ટિમાં મોટા આરંભવાળી લાગે અને બીજાની દૃષ્ટિમાં સાવ શૂન્ય જ લાગે, તેમ ત્રૈલોક્ય બ્રહ્માંડ વગેરેની રચના મોટા આરંભવાળી લાગવા છતાં અદ્વૈતભાવે જોતાં બ્રહ્મરૂપ જ છે. સ્વપ્નમાં દેખાતો પર્વત જેમ અણુમાત્ર જગ્યાને રોકતો નથી કારણ કે જાગ્રત થતાં તે જગ્યા પણ જતી રહે છે, તેમ સ્વપ્નાના બનાવ પણ અણું માત્ર કાળને રોકતા નથી. કારણ કે જાગ્રત થતાં તે કાળ જતો રહે છે, તેવી જ રીતે હાલના સાપેક્ષવાદના સાયન્સવાળા કહે છે કે જાગ્રતના

પર્વત કોઈ જગ્યાને રોકતા નથી, કારણ કે તે જોનારની દ્રષ્ટિમાં રહેલ બનાવ છે. વળી જાગ્રતના બનાવ પણ કોઈ કાળને રોકતા નથી કારણ કે કાળ સાપેક્ષ છે અને એક જ બનાવ બીજા જોનારને જુદા દેશ-કાળવાળો લાગે છે. આ પ્રમાણે દેશ-કાળ ખોટા થવાથી અનેક જીવ બની શકતા નથી અને જગતની ઉત્પત્તિ પણ બની શકતી નથી.

હવે શાસ્ત્રનું પ્રમાણ લઈએ તો કઠોપનિષદમાં નચિકેત યમરાજને પૂછે છે કે માણસ મરીને જાય છે ક્યાં ? તેના જવાબમાં યમરાજ કહે છે કે :-

मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति

૨-૧-૧૧

અર્થ :- જે આંહી ભેદ જેવું જુએ છે તે મૃત્યુથી મૃત્યુને પામે છે. વાસ્તવમાં આંહી કોઈ ભેદ નથી. તેથી ભેદની પ્રતીતિ કરાવનાર અવિદ્યાની નિવૃત્તિ કરવા સિવાય બીજું કાંઈ કર્તવ્ય નથી.

દેહના ભેદથી જીવભેદની પ્રતીતિ થાય છે. તે આત્મજ્ઞાનથી બાધ પામે છે. સ્વપ્નમાં એક જ ચૈતન્ય ઉપાધિ ભેદથી ભિન્ન દેખાય છે. જ્યારે સ્વપ્નાના વિષયનું જ્ઞાન થાય છે ત્યારે પ્રમાતા ચૈતન્ય, પ્રમાણ ચૈતન્ય અને પ્રમેય ચૈતન્ય વિષયરૂપ થઈ જાય છે, તેથી પ્રમાતા પ્રમેય જેવો લાગે છે. દ્રષ્ટા દ્રશ્ય જેવો લાગે છે એટલે અવિદ્યા વિષયનું રૂપ ધારણ કરે છે. જાગ્રતમાં પણ એવું જ બને છે.

આ બાબતનો યુક્તિથી અને દ્રષ્ટાંતથી વિચાર કરીએ તો ઘુવડને દિવસે અંધારૂં દેખાય છે અને તેને પણ તે વખતે પોતાનું જ્ઞાન સાચું લાગે છે. ઘુવડને ઘુવડની પરીક્ષામાં બેસાડ્યો હોય તો દિવસે અંધારૂં છે એમ પરીક્ષામાં લખે તો જ પાસ થાય. તેવી જ રીતે માણસની પરીક્ષામાં માણસ અનેક જીવ સાચા છે એવું લખે તો જ પાસ થાય છે.

સરકસનો સિંહ બકરા ભેગો ભળી એવી પરીક્ષા આપે કે બધા

સિંહ બકરા જેવા જ સ્વભાવવાળા હોય છે તો તેની પરીક્ષામાં તેના જેવા બીજા સિંહ તેને જરૂર પાસ કરે. ટુંકામાં, ભ્રાંતિની દશામાં ભ્રાંતિનો બાધ થતો નથી તેથી અનેક જીવ જેવું દેખાય છે. માત્ર બાધક જ્ઞાન આવે ત્યારે ભ્રાંતિનો બાધ થાય છે.

પણ એક જીવ માત્ર પોતાનું જ્ઞાન ઠીક કરવાનો પ્રયત્ન કરે અને બીજા જીવ એમ ને એમ રહી જાય તો તે એક પ્રકારનો સ્વાર્થ થયો એવું કેટલાક માને છે. માટે બીજાનું જ્ઞાન પણ ઠીક કરવું જોઈએ; એવો વિચાર સ્વપ્નામાં કોઈને આવે કે મને જે માણસો દેખાય છે તેનું ભલું કરીને તેમનું જ્ઞાન પહેલાં ઠીક કરવું જોઈએ તો સ્વપ્નું ચાલું જ રહેશે. સ્વપ્નામાં પોતાનું જ્ઞાન ઠીક થાય તો બીજાનું જ્ઞાન ઠીક કરવાનો પ્રશ્ન રહેતો નથી. જ્ઞાનની એવી વિચિત્ર કળા જાગ્રતમાં પણ છે. જે દશામાં જે જ્ઞાનથી બીજાનું ભલું કરવાનો પ્રશ્ન ઉત્પન્ન થાય છે ત્યાં તે દશાના પ્રશ્નને ઠીક કરવાની જરૂર છે. વેદાન્ત સિદ્ધાંત મુક્તાવલિમાં કહેલ છે કે એક જીવને બીજા જીવના જ્ઞાન અથવા અજ્ઞાનની ખબર પડતી નથી. તેથી એકનું જ્ઞાન ઠીક થાય તો બધાનું જ્ઞાન ઠીક થાય છે, કારણ કે જે જ્ઞાનથી અનેક દેખાય છે તે જ્ઞાન જ સાચું નથી. વેદાન્તની પ્રતિજ્ઞા એવી છે કે "એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થઈ શકે છે."

નવા સાયન્સ ઉપર વિચાર કરતાં બી.રસલ કહે છે કે મારા જ્ઞાન સિવાય બીજાના જ્ઞાનની મને ખબર નથી.

If I refuse to accept non-mentanl events because they are not verifiable, I ought to refuse to admit mental events in every one except myself for the same reasons.

એટલે મને જડ વસ્તુની પુરી ખબર નથી કારણ કે તે પોતાનું સ્વરૂપ કહેતી નથી, તેવી જ રીતે બીજાના મનના વિચાર પણ હું બરાબર જાણી શકું નહિ. તે વિચાર મને કેવી રીતે અસર કરે છે તેટલું

જ હું જાણી શકું.

તેથી માત્ર પોતાનું જ્ઞાન ઠીક કરવાની જરૂર છે. જગત કેવું છે તે પ્રશ્ન ખોટો છે. જગતને જીવ કેવી રીતે જાણે છે તે પ્રશ્ન સાચો છે. જગતમાં કેટલા જીવ છે તે પ્રશ્ન પણ અપૂર્ણ છે. અનેક જીવ કેવી રીતે દેખાય છે, તે પ્રમાણ સાચું છે કે નહિ તેની તપાસ કરવી જોઈએ. જગતને જાણવામાં જીવની ઇંદ્રિયો અને તેનું મન કામ કરે છે અને તે સાચી ખબર આપતા નથી. એક વાટકામાં ધોળો ભુકો હોય અને બીજા વાટકામાં કાળો ભૂકો હોય, તે બન્નેને ભેગા કરીએ તો રાખોડી રંગના પરમાણુવાળો રાખોડી ભુકો દેખાય. હવે તે ભુકાની અંદર બહુ જ ઝીણો (પરમાણું જેવડો) જીવ ફરતો હોય તો તેને ધોળા દાણા અથવા કાળા દાણા દેખાય; તેને રાખોડી રંગ દેખાશે નહિ. તેથી પ્રમાણ પ્રમાણે પ્રમેય દેખાય છે. હાથીની ચામડીના કોઈ ખાડામાં કોઈ ઝીણો જીવ રહેતો હોય તો તેને હાથીના આખા જીવનની ખબર રહે નહિ. તે માત્ર પોતાના ખાડાનું જગત જાણી શકે. આપણા ચોવીસ કલાકનો દિવસ તેને કદાચ સો વર્ષ જેટલો લાંબો લાગે. હાથીને પણ માણસ બહું ઉંચો લાગે છે. કારણ કે તેની દ્રષ્ટિ સીધી લીટીમાં જાય છે. તે બહું ઉંચું જોઈ શકતો નથી. માણસની દ્રષ્ટિ પણ બહુ હદમાં બંધાયેલી રહે છે અને દેહના અધ્યાસવાળી રહે છે તેથી તેનાથી સાચુ તત્ત્વ મળતું નથી. જે જે જાતના કર્મમાં તે કર્તા તરીકે ભાગ લે છે તે કર્મ તેને બંધનમાં નાખે છે. તેથી જેઓ આગળ વધ્યા હોય તેમના અનુભવના જે પ્રમાણ શાસ્ત્રોમાં મળી આવે છે તે આધારે માણસનું જ્ઞાન ઠીક કરી શકાય છે.

શાસ્ત્રની દ્રષ્ટિથી જોઈએ તો, ગીતામાં નવમા અધ્યાયમાં ભગવાન કહે છે કે (૯-૫) "જીવો (ભૂતો) મારામાં નથી, એવું મારૂં ઐશ્વર્ય તું જો." તે પહેલાંના શ્લોકમાં એટલે ૪થા શ્લોકમાં કહે છે કે

જીવો મારામાં છે અને પાંચમામાં કહે છે કે જીવો મારામાં નથી. તેથી જે દ્રષ્ટિથી તત્ત્વનો વિચાર કરીએ તે દ્રષ્ટિ ઉપર બધો આધાર છે. ચેતન અને ઉપાધિ બન્ને મળીને જીવ થાય છે. સ્વપ્નામાં જેમ ઉપાધિઓ ખોટી હોવાથી ઉપહિતમાં (ચેતનમાં) ભેદ પડતો નથી તેમ જાગ્રતમાં પણ ઉપાધિ ખોટી હોવાથી ચેતનમાં ભેદ પડતો નથી. પ્રતીતિ કાળે પ્રતીત થતો અનુભવ તે કાળ પર્યંત જ પહોંચે છે. પ્રાતિભાસિક વસ્તુમાં માત્ર જ્ઞાત-સત્તા રહે છે. વળી પ્રાતિભાસિક વસ્તુ નિરાકાર હોય છે. તેમાં અંશ-અંશી ભાવ બનતો નથી. નવા સાયન્સવાળા કહે છે કે,

The fact that an event occupies a definite amount of space-time does not prove that it has parts. એટલે એક બનાવની અંદર દેશ અને કાળ હોય છે છતાં તે બનાવના ભાગ થઈ શકતા નથી. The clock of an observer is at himself and records only the epochs of events at himself એટલે દરેક દ્રષ્ટાની દ્રષ્ટિમાં તે દ્રષ્ટિ પ્રમાણે દેશ-કાળ રહે છે. જે બનાવનો કોઈને અનુભવ થતો નથી તે બનાવ બનતો નથી અને કોઈને અનુભવ થાય ત્યારે કેવી રીતે થાય છે તેની તપાસ કરવી જોઈએ. કેટલાક તારા એટલા દૂર હોય છે કે તેનું તેજ આંહી પહોંચતાં કરોડો વર્ષ લાગે છે. માણસો પૃથ્વી ઉપર આવ્યા પહેલાં તે તારાનું તેજ ત્યાંથી નીકળ્યું હોય અને આપણે હાલ તે તેજ જોઈએ ત્યારે તે જગ્યાએ તારો હોય પણ નહિ. તેવી જ રીતે નજીકમાં રહેલી વસ્તુના રૂપ અને તેજ આપણી આંખમાં પહોંચે ત્યારે આપણે જાણીએ છીએ પણ આપણી દ્રષ્ટિ ફરી જાય તો તે રૂપનું શું થાય ? સ્વપ્નામાં જોયેલી વસ્તુઓ જાગ્રત થતાં તરત અદશ્ય થાય છે અને જાગ્રતમાં મરણ પછી જગત રહેતું નથી, ઉંઘમાં અને મૂર્ચ્છામાં પણ રહેતું નથી. માણસ મરીને પોપટ થાય તો પણ બધી વસ્તુના રૂપ અને તેજ તેના પ્રત્યે ફરી

જાય છે.

ત્યારે સૃષ્ટિની કલ્પના કોણ કરે છે? નિરૂપાધિક આત્મા સૃષ્ટિનો કલ્પક થઈ શકતો નથી. તે કલ્પક થાય તો મોક્ષપ્રાપ્તિ અને સંસારની નિવૃત્તિ સંભવે નહિ. તેથી અવિદ્યા-ઉપહિત આત્મા જ સૃષ્ટિનો કલ્પક થાય છે અને એવા આત્માથી કલ્પેલ જગત પારમાર્થિક દ્રષ્ટિથી અસત્ય છે. જે જ્ઞાનનો વિષય બાધ પામે છે તેને ભ્રાંતિજ્ઞાન કહે છે.

વેદાન્ત સિદ્ધાંત મુક્તાવલીમાં કહેલ છે કે (પાનું ૨૩) સ્વપ્નામાં સ્વપ્નદ્રષ્ટા પોતાના અજ્ઞાનનો અનુભવ કરે છે તો પણ તે અનેક જીવનો અનુભવ કરી શકતો નથી; કારણ કે જે પ્રમાણે બીજાનું જ્ઞાન અતીન્દ્રિય હોવાથી સ્વપ્ન દ્રષ્ટાને જણાતું નથી તેમ તેને બીજાનું અજ્ઞાન પણ જણાતું નથી કારણ કે તે પણ અતીન્દ્રિય છે. જાગ્રતમાં પણ બીજાનું જ્ઞાન કે અજ્ઞાન બરાબર જાણી શકાતું નથી, પણ આપણું જ્ઞાન કે અજ્ઞાન જાણી શકાય છે તેથી અજ્ઞાનથી અવચ્છિન્ન જીવનો ભેદ પ્રત્યક્ષ થઈ શકતો નથી. તેથી માત્ર પોતાના સ્વપ્નામાંથી જાગવાનું છે. આગળ કહ્યું તેમ પ્રત્યક્ષ પ્રમાણ એ પ્રમાણ નથી પણ પ્રમાણ-આભાસ છે. જ્યાં ભેદભ્રાંતિની પ્રબળતા હોય ત્યાં દ્રષ્ટા (observer) અભેદ કરવાને અશક્ત થઈ જાય છે.

નવા સાયન્સની શોધ ઉપર વિચાર કરતાં બી. રસેલ કહે છે કે To some extent each man dreams his own dream and the disentanglement of the dream element in our percepts is no easy matter. All adaptation to environment might be regarded as learning to dream. એટલે દરેક માણસ પોતાના સ્વપ્નામાં રહે છે અને એવી સ્વપ્ના જેવી ભૂલ જાગ્રતમાં પકડવી એ સહેલું કામ નથી. દરેક ભેદ-જનિત વ્યવહાર આપણને જાગ્રતમાં સ્વપ્નું બનાવતાં શીખડાવે છે.

શાસ્ત્રની દ્રષ્ટિથી જોઈએ તો વેદાન્તમાં પરિણામવાદ માનેલો નથી, પણ વિવર્તવાદ માનેલો છે. એ દ્રષ્ટિએ અનેક જીવ બનતા નથી. વેદાન્ત સિવાય બીજા મત એટલે સાંખ્ય, યોગ, જૈન, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા વગેરેમાં પ્રકૃતિ અથવા માયા સાચી માનેલી હોવાથી દ્વૈત થાય છે અને અનેક જીવ પણ થાય છે. વેદાન્ત માણસને અદ્વૈત માર્ગ ઉપર લાવે છે. અદ્વૈતનો અર્થ જ એવો છે કે બે નથી. વિવર્તવાદને અને એકજીવવાદને ઘણો સંબંધ છે. રજ્જુમાં આરોપિત સર્પ, દંડ, ધારા, માળા વગેરે વિવેકથી નષ્ટ થતાં ફરીથી કોઈ ઉત્પન્ન કરી શકતું નથી. તે જ પ્રમાણે અજ્ઞાત આત્મામાં દ્રશ્યનો આરોપ છે. જ્ઞાત આત્મામાં દ્રષ્ટા-દ્રષ્ય રહેતા નથી. માંડુક્ય ઉપનિષદમાં કહેલ છે કે "આત્મામાં આરોપિત અંતઃપ્રજ્ઞ, બહિઃપ્રજ્ઞ વગેરેનો વિવેક કરવામાં પ્રવૃત્ત થતું પ્રતિષેધ વિજ્ઞાનરૂપ પ્રમાણનું અન્તઃપ્રજ્ઞત્વ વગેરેની નિવૃત્તિ સિવાય તુરીય આત્મામાં બીજું કાંઈ કર્તવ્ય નથી. કારણકે અંતઃપ્રજ્ઞત્વ (સ્વપ્ન અવસ્થા), બહિઃપ્રજ્ઞત્વ (જાગ્રત અવસ્થા) વગેરેની નિવૃત્તિ વખતે જ પ્રમાતા વગેરે ભેદની નિવૃત્તિ થઈ જાય છે. વૃત્તિ જ્ઞાનની સ્થિતિ દ્વૈતનિવૃત્તિની ક્ષણ સિવાય બીજી ક્ષણમાં રહેતી નથી. જો રહે તો અનવસ્થા-દોષ પ્રાપ્ત થાય. અનાત્માનો ત્રિકાલિક નિષેધ થાય છે, તેથી તેની ઉત્પત્તિ સ્થિતિ કે લય થતા નથી. બાકી કેવળ આત્મા રહે છે અને તે એક છે. આ પ્રમાણે જ્યારે એક ચેતનનો બોધ થઈ જાય છે અને દ્વૈતના અભાવનો બોધ થઈ જાય છે ત્યારે કોઈ કારણ ન રહેવાથી, જન્મ આવતો નથી. મિથ્યા અભિનિવેશ માત્ર જ જીવના જન્મનું કારણ છે."

હવે સાયન્સની દષ્ટિથી જોઈએ તો સાપેક્ષવાદ એમ જણાવે છે કે :-

Time, space; motion, extension, and solidity

which characterise material bodies are characters of perception and not characters of the external world. When a man transcends time and space ever so slightly or infrequently, he will experience properties of mind as a whole. The subject and the object by their very inter-action become one system and qualify the dualism that appears to exist.

એટલે દેશ, કાળ, ગતિ, લંબાઈ. વજન વગેરે જે અનાત્મ વસ્તુના ધર્મ લાગે છે તે બહારના જગતમાં નથી પણ દૃષ્ટાની દૃષ્ટિમાં છે. કોઈપણ જોનારો જો કાંઈક અંશે પણ દેશ-કાળના બંધનથી અતીત થાય તો તેને અખંડ બ્રહ્મના ધર્મનો અનુભવ આવવા લાગે. તે વખતે દૃષ્ટા-દૃશ્ય એક થઈ જાય છે.

આ પ્રમાણે દ્વૈત બનતું નથી અને અનેક જીવ બનતા નથી. દ્વૈત વસ્તુના ગ્રહણ આગ્રહથી, મિથ્યા અભિનિવેશના કારણથી અદ્વૈત ચૈતન્ય સહજ આવૃત થઈ જાય છે પણ તે અભિનિવેશ સાચો નથી. અનેક જીવ સાચા હોય તો ઉંઘમાં કેમ જતા રહે છે ? જે વસ્તુ સાચી હોય તેનો નિષેધ થઈ શકતો નથી.

વળી યુક્તિથી જોઈએ તો ઘણા સ્વતંત્ર જીવ હોય તો ઘણા ભગવાન જેવું થઈ જાય. એ અહંકારી જીવન છે. અહંકારી જીવન સારૂં ગણાતું નથી, અને અહંકાર ગયા પછી દ્વૈત રહેતું નથી. દ્વૈત ન હોવા છતાં દ્વૈતનું જ્ઞાન રહેશે તો આત્માનું અનુસંધાન રહેશે નહિ. દેવદત્ત બેઠો છે કે દેવદત્ત ઉભો છે. તેમાં બીજું કાંઈ બની જતું નથી. તેમ અખંડ વિરાટ સ્વરૂપ બેઠા હોય કે ચાલતા હોય તેમાં બીજું કાંઈ બની જતું નથી. માટે અખંડ ભાવ અખંડવૃત્તિથી ધારણ કરવો જોઈએ. સમાજનું લક્ષ્ય માણસનું જીવન ઠીક કરવા તરફ હોય છે. તત્ત્વજ્ઞાની વિશ્વ સમસ્તને અખંડ ભાવે ગ્રહણ કરે છે. સામાજીક ધર્મમાંથી

તત્ત્વજ્ઞાનીના ધર્મમાં આવવું હોય તો વૈરાગ્ય જોઈએ. વૈરાગ્ય એટલે ફાંસીની સજા સમજવાની છે. તેનો અર્થ એમ નથી કે કાંઈ ગ્રહણ ત્યાગ કરવાનું છે. માત્ર અવિદ્યાની નિવૃત્તિ કરવાની છે.

અવિદ્યા સત-અસતથી વિલક્ષણ છે. અવિદ્યા સતથી વિલક્ષણ છે તેથી દ્વૈત બનતું નથી. અવિદ્યા અસતથી વિલક્ષણ છે તેથી સવિશેષ જેવી (સ્વપ્નાની માફક) લાગે છે. તેથી જાગ્રત સ્વપ્ન વગેરે અવસ્થા બની શકે છે પણ તે કલ્પિત છે.

શ્રીમદ્ ભાગવતમાં નીચેનો શ્લોક છ વખત આવે છે :-

अर्थेह्यविद्यमानेऽपि संसृतिर्न निवर्तते ।
ध्यायतो विषयानस्य स्वप्नेऽनर्थागमो यथा ॥

(૧૧-૨૨-૫૫)

અર્થ - વસ્તુતઃ સંસારના પદાર્થ વિદ્યમાન ન હોવા છતાં, તેનું ચિંતન કરતા રહેવાથી સંસાર નિવૃત્ત થતો નથી. સ્વપ્નામાં વાસ્તવિક સંપત્તિ કે વિપત્તિનો અભાવ હોવા છતાં તેનું ચિંતન કરવાથી તેની પ્રતીતિ ચાલુ રહે છે તેમ જાગ્રતમાં પણ બને છે.

હવે યુક્તિથી જોઈએ તો સૃષ્ટિ દ્રષ્ટિવાદમાં સૃષ્ટિ આંખથી જોયા પહેલાં હોય છે. દ્રષ્ટિ સૃષ્ટિવાદમાં દ્રષ્ટિકાળે સૃષ્ટિની પ્રતીતિ થાય છે, તે સાક્ષી ભાસ્ય છે, તે આંખથી જોવાની વસ્તુ નથી. સંપૂર્ણ જાગ્રત પ્રપંચમાં દ્રષ્ટિ સમકાળ સૃષ્ટિ હોવાથી ઘટ વગેરે જોવામાં આંખનો સંબંધ ઘટ સાથે થઈ શકતો નથી પણ અવિદ્યાથી સંબંધ થાય છે. અવિદ્યા ગઈ તો ભેદનો નિષેધ સહજ થાય છે. કલ્પિત વસ્તુથી સાચું દ્વૈત બનતું નથી. એકજ સ્ત્રી કોઈની કાકી, મામી, માશી કે ફઈ થાય તેથી ત્યાં ચાર સ્ત્રી બની જતી નથી. નટ સ્ત્રી રૂપે દેખાય ત્યારે તેનું પુરૂષરૂપ ઢાંકે છે અને પુરૂષરૂપે દેખાય ત્યારે પોતાનું સ્ત્રી રૂપ ઢાંકે છે, છતાં ત્યાં બે જીવ બની જતા નથી, તેવીજ રીતે બ્રહ્મમાં જગત દેખાય

તેથી બે વસ્તુ બની જતી નથી. ઘડો ગ્રહણ કરતા માટીનું ગ્રહણ થાય છે તેમ જગત ગ્રહણ કરતા બ્રહ્મ ગ્રહણ થઈ જાય છે. વાયુ નિષ્પંદ હોય ત્યારે વાયુ મટી જતો નથી અને સ્પન્દનવાળો થાય ત્યારે દ્વૈત થતું નથી. સૂર્ય અંધારાનો નાશ કરીને પ્રકાશતો નથી કારણકે સૂર્યે અંધારૂં જોયું નથી, તેમ આત્મા અવિદ્યાનો નાશ કરતો નથી કારણ કે આત્માએ અવિદ્યા જોઈ નથી. સૂર્યે સૂર્યગ્રહણ જોયું નથી તેમ આત્માએ અવિદ્યા જોઈ નથી. પૂર્ણિમાને દિવસે અંધારૂં આવવા લાગે કે તરત ચંદ્રદર્શનથી અંધારૂં નાશ પામે છે તેમ શુદ્ધ ચૈતન્યમાં અજ્ઞાન નાશ પામે છે. જીવ જગતમાં બ્રહ્મબુદ્ધિથી આવરણ ભંગ થાય છે. બ્રહ્મમાં જીવ જગતની બુદ્ધિથી આવરણ ઉત્પન્ન થાય છે. જ્યારે ક્રિયા પહેલાં દેખાય ત્યારે પરિણામ દેખાય છે. જ્યારે સત્તા પહેલાં દેખાય ત્યારે પરિણામ દેખાતું નથી. સત્તા પહેલાં દેખાય તેને અનુ-ગ્રહ કહે છે.

હવે સાપેક્ષવાદના સાયન્સની દૃષ્ટિથી જોઈએ તો તે બાબત વિચાર કરતાં પ્રો.મીલન કહે છે કે :-

Propositions about the state of a system prior to the moment at which it is given are meaningless. A whole range of times and spaces can be assigned to the same event. Once the choice of the scale of time is fixed, the forms of laws will appear to be determinate but as there is no uniform time, there is no determinism in the world.

એટલે જે વખતે જે બનાવ બને છે તેને તે વખતની દશાથી સમજવો જોઈએ. જુદા જુદા જોનારા તે બનાવને જુદા જુદા દેશકાળમાં મુકી શકે છે. એક વખત કાળ નક્કી થયો તો તે બનાવનું પ્રારબ્ધ અને તેની ગતિ નક્કી થયેલ લાગશે. તે કારણને લઈને માણસની દૃષ્ટિથી માણસનું જગત સાચું લાગે છે પણ બીજી દશામાં તેનો બાધ થાય છે.

કોઈ બનાવને ચોક્કસ કાળ નથી, તેથી પ્રારબ્ધ સાચું નથી, પુરૂષાર્થ સાચો છે.

શાસ્ત્રની દૃષ્ટિથી જોઈએ તો ગીતામાં કહેલ છે કે (૭-૧૯) :

वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः

એટલે બધું વાસુદેવ છે એવું જાણનાર મહાત્મા દુર્લભ છે એટલે કોઈક જ માણસ આવી જ્ઞાનરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આ સિદ્ધાંત ઉપર યુક્તિ લગાડીએ તો બધા જીવ એક વાસુદેવ રૂપ છે અને એક જીવની અને બીજા જીવની વચ્ચે જે ખાલી જગ્યા છે તે પણ વાસુદેવમય છે, આ પ્રમાણે બધું વાસુદેવમય હોવાથી અનેક જીવ બની શકતા નથી. તેથી જોનારની દશા ઠીક કરવાની જરૂર છે, જેવું સ્વપ્નમાં છે તેવું જ જાગ્રતમાં છે.

હાલનું સાયન્સ કહે છે કે The only events which an observer actually experiences are events at himself. His clock is at himself and records only the epochs of events at himself. Other people's observations are not data for him. Our knowledge about the thoughts and feelings of others is doubtful.

The aesthetic self and the aesthetic object are the one aesthetic continuum. Within the aesthetic continuum, there is no distinction between the subjective and the objective. Pure fact is a continuum of ineffable aesthetic qualities, not an external material object.

એટલે જોનારે પોતાના દેશકાળ ઠીક કરવાની જરૂર છે. બીજાની દૃષ્ટિ જુદા પ્રકારની હોય છે તેથી તે દૃષ્ટિનું પ્રમાણ બીજા માણસ માટે કામ આવે નહિ. ભોક્તા અને ભોગ્ય (કળા) બંને મળીને એક ક્ષેત્ર થાય છે. એ ક્ષેત્રમાં ભોક્તા અને ભોગ્ય વચ્ચે ભેદ રહેતો નથી. ખરો

ભોક્તા અનન્ય ભાવવાળો હોય છે. આ બાબતમાં સ્વ.કલાપી લખે છે કે :-

કળા ભોજ્ય છે મીઠી પણ ભોક્તા વિન કળા નહિ
કળાવાન કળા સાથે, ભોક્તા વિન મળે નહિ.

ખરો ભોક્તા અથવા દ્રષ્ટા, જીવ, જગત અને ઈશ્વરને અભિન્ન જુએ છે. બ્રહ્મજ્ઞાની બે પ્રકારના હોય છે.

૧. સોપાધિક બ્રહ્મજ્ઞાનીની દશા ઉપર પ્રમાણે રહે છે. તેમાં ભેદનો અભેદ કરવો પડે છે.

૨. નિરૂપાધિક બ્રહ્મજ્ઞાની જીવ જગતને બ્રહ્મમાં કલ્પિત માને છે, તેથી તે ભેદનો નિષેધ સમજે છે. સ્વપ્નાના બનાવોનો જેમ અભેદ થઈ શકતો નથી. તેમ જાગ્રતમાં પણ વસ્તુ એક હોવાથી અન્વય કે વ્યતિરેક બની શકતો નથી.

છતાં માણસની દૃષ્ટિથી ઘણા જીવ દેખાય છે તેનું કારણ શાસ્ત્રથી, યુક્તિથી અને સાયન્સથી વારંવાર તપાસ કરવાની જરૂર છે.

વેદાન્ત સિદ્ધાંત મુક્તાવલીમાં કહેલ છે કે (પાનું ૨૪) એક શરીરમાં પગમાં જે ચૈતન્ય છે તે માથાના ચૈતન્યમાં થતું દુ:ખ જાણતું નથી, તેથી માણસ કહે છે કે માથામાં દુખાવો છે, પગમાં કાંઈ વ્યાધિ નથી, તેથી જે ચૈતન્ય જેટલા દેહનું અભિમાન લે છે તેનાથી તેટલા દેહનો ભેદ પડે છે.

યુક્તિથી જોઈએ તો ધર્મીનો અધ્યાસ થાય ત્યાં સુધી કલ્પિતપણું ભાસે છે જેમ કે રજ્જુમાં સર્પ, પણ જ્યારે ધર્મનો અધ્યાસ થાય ત્યારે કલ્પિતપણું જાણવું મુશ્કેલ પડે છે એટલે જ્યારે રજ્જુમાં સર્પના ગુણ દેખાવા લાગે ત્યારે સર્પ કલ્પિત લાગતો નથી તેવી જ રીતે જ્યારે જીવના ધર્મ બ્રહ્મમાં જોવામાં આવે ત્યારે જીવ કલ્પિત લાગતો નથી.

સ્વપ્નાના સર્પમાં પણ જ્યારે સર્પના ધર્મ જોવામાં આવે છે ત્યારે સર્પ કલ્પિત લાગતો નથી. તેથી જોનારની દશા ઠીક કરવાની જરૂર છે. આ બાબતમાં એક પશ્ચિમના લેખક કહે છે કે :-

In its human aspect, sociality is compatible with physical independence of different attitudes towards oneself, precisely because, the social agent takes all of them except his own attitude in imagination. He does not actually disintegrate into a mutiple being because the imaginative attitudes are only supplementary appendices to the single physical attitude connected with the state of his body. But an event which is physically split into several perspective agencies is a group and not a single event. Further more, it is not a unified group but a sheer multiplicity of appearances (Ushenko, in the philosophy of Relativity).

એટલે જ્યારે આપણને ઘણા માણસોના વિચાર આવે છે ત્યારે બીજાના જીવનના વલણ આપણા પ્રત્યે કેવા છે તે યાદ આવે છે પણ આપણે (જોનાર) પોતે કેવી દૃષ્ટિથી તે જાુવે છે તે યાદ રહેતું નથી. તેથી ઘણા દેખાવ થાય છે અને કોઈ બાબતની સાચી હકીકત મળી શકતી નથી. બધામાં ચૈતન્ય એક છે છતાં શરીરના ભાવોના વિચારથી અનેકત્વનો દેખાવ થાય છે અને તેનું કારણ જોનારનું અજ્ઞાન છે. રજ્જુમાં સર્પની ભ્રાંતિ વખતે કલ્પિત સર્પની આકૃતિનો અભાવ હોવા છતાં પ્રતીત થાય છે. તેનું કારણ જોનારના શરીરની અહંતા બહાર ઈદંતાની આકૃતિ ઉત્પન્ન કરે છે. સર્પની આકૃતિમાં અસ્તિત્વ પ્રગટ થયું નથી તો પણ રજ્જુનું અસ્તિત્વ (ઈદંતા) સર્પના અસ્તિત્વમાં આરોપ થાય છે. જ્ઞાન થાય ત્યારે કલ્પિત વસ્તુ અને તેના અધિષ્ઠાનની એકતા થતી નથી કારણકે કલ્પિતનું અસ્તિત્વ અધિષ્ઠાનના અસ્તિત્વથી

જાુદું નથી.

કોઈ કહે છે કે જગત બધાને સમાન કેમ દેખાય છે ? તેનો ખુલાસો કરતાં સિદ્ધાંત મુક્તાવલીમાં (પાનું ૩૦) કહે છે કે દશ માણસોને દોરડીમાં એક સાથે સર્પની ભ્રાંતિ થઈ, ત્યાં બધા કહે છે કે અમે એકજ સર્પ જોયો. ખરી રીતે ત્યાં દરેકને પોતાની ભ્રાંતિ પ્રમાણે પ્રથક સર્પ દેખાય છે પણ કલ્પિત વસ્તુથી ખરી અનેકતા થતી નથી.

એ સર્પ ક્યારે આવ્યો ? એ પ્રશ્ન ને બરાબર તપાસો, દષ્ટિકાળે પ્રતીતિ છે છતાં જાણે કે પહેલાંથી પડેલો હોય તેમ લાગે છે. રજ્જાુનો પ્રાકૃસિદ્ધત્વ ધર્મ સર્પમાં આરોપાય છે.

હાલનું સાયન્સ પણ કહે છે કે :-

The age of the Universe has no objective content. Given an event, we have to mention an observer in whose 'now' it occurs and the ages are different according to the observers chosen. There is no sense in which it can be said that the universe is running down independently of an observer. All these differing possibilities are different description of the same entity-descriptions which originate from the tacit adoption of different scales of time (Prof. Milne)

એટલે જગતને કોઈ ચોક્કસ આયુષ્ય નથી. કોઈપણ બનાવને જોનારો ક્યારે જુએ છે તે ઉપર બધો આધાર છે અને જેવો જોવાવાળાનો કાળ તે પ્રમાણે તે ગણત્રી કરે છે પણ તે માત્ર દેખાવ અથવા પર્યાય છે.

માનસ શાસ્ત્રની દષ્ટિથી જોઈએ તો માણસના સંકલ્પ પ્રમાણે અથવા માણસના પ્રાણની ગતિ પ્રમાણે તેનો કાળ બને છે. પણ તે દરેકના સરખા હોતા નથી. પશુ પક્ષીના અને ઝીણા જીવડાના પ્રાણ જુદી જાતના હોય છે અને તેથી તેમની ઘડીઆળ પણ જુદી જાતની

હોય છે. માણસના કાળમાં પણ કેવી ભૂલ પડે છે તે જણાવવા માટે બી.રસેલ લખે છે કે :-

In the dream, remembering has a quality differing from that of the dream perception and in virtue of this quality, the remembering is referred to the past. But the quality is not that of genuine pastness which belongs to the events of history; it is that of a subjective pastness in virtue of which the present remembering is judged (falsely) to refer to something that is objectively past.

એટલે સ્વપ્નામાં કોઈ બનાવ યાદ આવે ત્યારે દ્રષ્ટિના બનાવ કરતાં સ્મૃતિનો બનાવ જુદો હોય છે એવું તે વખતે લાગે છે અને સ્મૃતિનો બનાવ ભૂતકાળનો લાગે છે પણ તે ખરેખર ભૂતકાળનો નથી પણ વર્તમાનકાળનો હોય છે, જાગ્યા પછી તેની ખાત્રી થઈ જાય છે. જાગ્રતમાં પણ ભૂતકાળના બનાવ વર્તમાનકાળમાં યાદ આવે છે ભૂતકાળમાં પોતે હતો અને ભવિષ્યકાળમાં પોતે નથી એવું દેહના અભિમાનને લઈને લાગે છે. 'ટીરલ' નામનો એક વિદ્વાન લેખક લખે છે કે :-

If the mind which is not any where becomes conscious of a vision scene constructed so as to present the surroundings as from a particular point of view in space, it will have the illusion of itself being at that point of space.

એટલે મન સૂક્ષ્મ હોવાથી તેને કોઈ ખાસ જગ્યા નથી છતાં તેની નજર આગળ કોઈ દ્રશ્ય આવે તો જોનારને એક જગ્યાએ તેનું મન તરત મુકી દે છે·પણ તેથી જોનારો તેજ જગ્યાએ છે એમ નક્કી થઈ શકતું નથી. ખરો જોનારો આત્મા છે અને તે સર્વત્ર છે, છતાં એક

જીવનું કામ બીજા જીવથી થતું નથી તેનું કારણ અંતઃકરણના ભેદમાં છે. આત્મા પ્રકાશક છે અને અંતઃકરણ સંકલ્પ વગેરેનું કામ કરે છે. ઉત્પન્ન કરવું એ અંતઃકરણનું કામ છે, અથવા માયાનું કામ છે, પ્રકાશ કરવું એ આત્માનું કામ છે, તેથી બધામાં એક આત્મા હોવા છતાં એકનું કામ બીજાથી થતું નથી.

અંતઃકરણ અને આત્મા બન્નેમાં મુખ્ય જાણવાની વસ્તુ આત્મા છે પણ માણસો આત્માને બદલે અનાત્માને જાણવાનો પ્રયત્ન કરે છે. ગીતામાં પંદરમા અધ્યાયમાં કહેલ છે કે **वेदश्चसवैरहमेव वेद्यो** (૧૫-૧૫) એટલે જેટલું જાણવા જેવું છે તેમાં હું એક જ જાણવા જેવો છું. કારણ કે એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે. સ્વપ્નામાંથી ઉઠ્યા પછી બધા કોણ હતા તે જોનારના જ્ઞાનમાં સમાઈ જાય છે. અનાત્માના જ્ઞાનમાં કેવી ભ્રાંતિ થાય છે તે બાબત યુક્તિથી તપાસીએ તો સ્વપ્ન પ્રપંચ માત્ર પોતાના સંકલ્પથી ઉત્પન્ન થાય છે છતાં તે વખતે એવો ખ્યાલ આવે છે કે હું એક કીડીને પણ ઉત્પન્ન કરી શકતો નથી. કોઈને એવું સ્વપ્નું આવ્યું કે "મને તરસ લાગી છે, કુવો છે, ડોલ છે પણ પાણી કાઢવા માટે દોરડી નથી." તે વખતે પોતે દોરડીને શોધે છે. જો કે કુવો, તરસ, ડોલ એ બધું પોતે બનાવેલ છે પણ દોરડી પોતે બનાવી શકતો નથી, તેજ પ્રમાણે માણસનું જગત માણસે પોતાની કલ્પનાથી સાચું માની લીધેલ છે, છતાં પોતે કાંઈ ઉત્પન્ન કરી શકતો નથી એમ માને છે. તેનું કારણ એ છે કે તે પોતાનું પ્રમાણ ઠીક કરી શકતો નથી. જે બનાવવું હોય તેને માટે જે પ્રમાણ જોઈએ તે પ્રમાણ તૈયાર કરતાં આવડવું જોઈએ.

જો અનેકત્વ અથવા દ્વૈત સાચું હોય તો ગુરૂ અને શાસ્ત્ર નકામા થઈ જાય: કારણ કે દ્વૈતનો અનુભવ તો વ્યવહારમાં દરેકને છે. તેથી દ્વૈત સત્ય છે એવી વાત જો ગુરૂ અને શાસ્ત્ર કરે તો ગુરુ અને શાસ્ત્રની

જરૂર રહે નહિ. જે જાણેલું હોય તે કોઈ જણાવે તે પ્રમાણ નથી. જ્ઞાની પુરૂષો દ્વૈત સાચું માનતા નથી તેથી ઘણા જીવ બનતા નથી. કોઈ એક માણસના માથામાં જીવડા પડ્યા હોય, તેનું નામ કાન્તિલાલ છે; તે એક ગામથી બીજે ગામ ગયો તેની સાથે માથાના જીવડા પણ જાય છે છતાં માણસો કહે છે કે કાન્તિલાલ નામનો જીવ બીજે ગામ ગયો. તેથી કઈ દષ્ટિથી કયો બનાવ જોવામાં આવે છે તે ઉપર બધો આધાર છે.

કોઈ બે ગામમાં બે પંડિત રહેતા હતા. એક વખત એક પંડિતને એવી ઈચ્છા થઈ કે બીજા ગામના પંડિતને બોલાવીને કોઈ સિદ્ધાંતની ચર્ચા કરીએ. તેથી બે ત્રણ પ્રશ્નો મોકલીને બીજા પંડિતને આવવા માટે આમંત્રણ મોકલ્યું. બીજો પંડિત પોતાના પ્રમાણ માટે બે ગાડાં પુસ્તકોનાં ભરીને પહેલા પંડિતને મળવા માટે નીકળ્યો. રસ્તામાં એક નાનું ગામ આવ્યું. ત્યાં નદીને કિનારે કેટલાક છોકરા રેતીમાં રમતા હતા. તેમાંથી કેટલાંક છોકરાની નજર તે પંડિત ઉપર પડી. તેની સાથે બે ગાડાં જેટલાં પુસ્તકો જોઈને છોકરાંઓને એમ લાગ્યું કે આ પંડિતને આપણે એક પ્રશ્ન પૂછીએ. પછી બધા પંડિતની પાસે ગયા અને પંડિતને કહ્યું કે "તમો મોટા પંડિત છો તો અમારા એક પ્રશ્નનો ઉત્તર આપતા જાઓ." પંડિતે કહ્યું કે "પૂછો, તમારો શો પ્રશ્ન છે ?" એટલે એક છોકરાએ પોતાના ખોબામાં રેતી ભરીને પૂછ્યું કે "આમાં રેતીના કણ કેટલા છે તે તરત કહી આપો, નહિતર અમે કહી આપીએ." પંડિત વિચારમાં પડી ગયા અને જવાબ આપી શક્યા નહિ. છેવટે પંડિતે તે છોકરાને કહ્યું કે "તું જ જવાબ આપ" આ બાબતમાં મને કાંઈ સમજણ પડતી નથી. છોકરાએ કહ્યું "એમાં શી મૂંઝવણ છે, એક ખોબો !" આ પ્રમાણે ખોબાના પ્રમાણથી જેમ રેતીના કણ ગણાઈ ગયા, તેવી જ રીતે પુરૂષ સૂક્તમાં એક પુરૂષના વર્ણનમાં જગતના જીવો એક સ્વરૂપમાં

સમાઈ જાય છે તેથી વાસ્તવમાં જીવ એક છે પણ સ્વપ્નાના દેહથી જેમ અનેક લાગે છે, તેમ જાગ્રતના દેહના પ્રમાણથી અનેકત્વ લાગે છે પણ તે પ્રમાણ સાચું નથી.

નવા સાયન્સમાં જેમ વસ્તુઓ (Objects) ને બનાવ (Event) બનાવી દીધેલ છે તેમ જુદા જીવો પણ એક જોનારની દૃષ્ટિમાં વસ્તુ (object) નથી પણ બનાવ (event) છે. તે બાબતમાં ખુલાસો આપતાં બી.રસેલ કહે છે કે :- The same reasons which lead to the rejection of substance, lead also to the rejection of things and persons as valid concepts. એટલે ઘણા જીવ માત્ર કલ્પના છે. જેમ પોતાના હાથ અને પગ માટે જુદું નામ આપવામાં આવતું નથી, સ્ત્રીના શરીરની અંદર ગર્ભ હોય તો તેનું જુદું નામ અપાતું નથી, માણસના શરીરની અંદર ઘણા નાના જીવ હોય તો પણ તેમનાં જુદાં નામ અપાતાં નથી, તેમ અખંડ વસ્તુ એક સાથે અનુભવમાં લેવી જોઈએ. જ્ઞાની પુરૂષની અંદર ખંડિત વસ્તુના સંસ્કાર પડતા નથી. કોઈ મૂર્તિ ખંડિત થયેલી હોય તો તે પૂજવામાં આવતી નથી.

કોઈપણ રીતે ભેદ દૂર કરવાનો છે. એવો કોઈ ગુણ નથી કે જે અભેદથી ઉત્પન્ન ન થાય અને એવો કોઈ દોષ નથી કે જે ભેદથી ઉત્પન્ન ન થાય. શાસ્ત્રની દૃષ્ટિથી જોઈએ તો શ્રીમદ્‌ભાગવતમાં કહેલ છે કે (૧૧-૧૦-૩૨) જ્યાં સુધી ગુણદોષની બુદ્ધિ રહેશે ત્યાં સુધી નાનાત્વ એટલે ભેદ જણાયા કરશે અને જ્યાં સુધી જીવ જીવ વચ્ચે ભેદ જણાયા કરશે, ત્યાં સુધી પરતંત્રતા પણ રહેશે. જગતમાં જે વિરૂદ્ધ ધર્મ જોવામાં આવે છે તે ભેદના જ્ઞાનને આધીન છે. જ્યાં ભેદ નથી ત્યાં વિરૂદ્ધ ધર્મ રહેતા નથી. અનાત્માકાર વૃત્તિ એજ વ્યુત્થાન દશા છે, પણ અનાત્મા કોઈ વસ્તુ નથી એવું જ્ઞાન થાય તો સહજાવસ્થા

બની રહે છે.

આ બાબત ઉપર યુક્તિથી વિચાર કરીએ અને એમ માનીએ કે ભગવાને માણસને પાંચ ઇંદ્રિયને બદલે છ ઇંદ્રિય આપી હોત તો આ જગત જુદા પ્રકારનું દેખાત. કોઈ ટેબલ ઉપર કીડીઓ ચાલતી હોય અને આપણે ત્યાં પાંચ આંગળી મૂકીએ તો ટેબલ ઉપર પાંચ કુંડાળાં થાય અને કીડીઓને એમ લાગે કે તેમના જગતમાં પાંચ જીવ જન્મ્યા અને બે આંગળી ઉપાડી લઈએ તો કીડીઓને એમ લાગે કે બે જીવ મરી ગયા. પણ વાસ્તવિક રીતે પાંચ જીવ જન્મ્યા નથી અને બે જીવ મરી ગયા નથી. આપણી દૃષ્ટિથી તેની ખાત્રી થઈ જાય છે. તેવીજ રીતે માણસને આત્મજ્ઞાન થાય તો બ્રહ્મ દૃષ્ટિથી બધું અભિન્ન હોવાથી કોઈના જન્મમરણ બનતા નથી. જે જીવ કહે છે કે હું જન્મ્યો અને મને અમુક વર્ષ થયાં, તેને પણ તેના જન્મ વખતે ખબર નહોતી કે પોતે જન્મ્યો અને મરેલો જીવ કહેતો નથી કે પોતે મરી ગયો. તેથી જન્મમરણ બાબત માણસનું જ્ઞાન ઠીક કરવાની જરૂર છે. કોઈ કૂતરો અરિસામાં પોતાનું શરીર જુએ છે ત્યારે ત્યાં તેને બીજો સાચો કૂતરો દેખાય છે. ચકલીને પણ અરીસામાં બીજી સાચી ચકલી દેખાય છે. માણસના જીવનમાં ખોટા 'હું' માંથી 'તું' થાય છે. સાચો હું સર્વત્ર છે તેથી 'તું' બની શકતો નથી.

સ્વપ્નામાં વરસાદની ગર્જનાઓ, વાદળાના ગડગડાટ, તોપોના અવાજ વગેરે સાંભળવામાં આવે છે પરંતુ ખરી રીતે તેમાંનું કાંઈ હોતું નથી. તેની બાજુમાં સુનારો માણસ તેમાંથી કાંઈ સાંભળતો નથી. સ્વપ્નાનો માણસ જાગે તો પણ તેમાંથી કાંઈ રહેતું નથી.

As the destruction of dream is complete at the time of waking, so all the effects of ignorance will vanish with the rise of wisdom એટલે જેમ સ્વપ્નામાંથી જાગ્રતમાં

આવતાં સ્વપ્નાનું કાંઈ જગત રહેતું નથી, તેમ આત્મજ્ઞાન થતાં જાગ્રતનું કાંઈ જગત રહેશે નહિ. બહાર દૃષ્ટિથી પર્વતનું શિખર દેખાય છે. શિખર ઉપર ગયા પછી શિખર રહેતું નથી. જ્યારે નશો ઉતરે છે ત્યારે નશાવાળી દશાના ધર્મ પણ જતા રહે છે. જે ભ્રાંતિરૂપ હોય તેની ઉત્પત્તિ સ્થિતિ કે લય થતા નથી પણ તેનો ત્રિકાલિક નિષેધ થાય છે. જાગ્રત થયેલા પુરૂષને જેમ તેના સ્વપ્ન સંબંધી દેશકાળ બાધા કરતા નથી, તેમ આત્મજ્ઞાનીને જાગ્રત સંબંધી દેશકાળ બાધા કરતા નથી. મૃગજળ જોવાનો આનંદ નષ્ટ થાય તેનો શોક જ્ઞાની પુરૂષો કરતા નથી.

ઉપર કહ્યું તેમ વિવર્તવાદ અને એકજીવવાદને ઘણો સંબંધ છે. વિવર્તવાદ કાળની ભ્રાંતિ દૂર કરે છે અને એકજીવવાદ દેશ અથવા જગ્યાની ભ્રાંતિ દૂર કરે છે. જ્યાં કાળ ખોટો છે ત્યાં દેશ પણ ખોટો છે. સ્વપ્નામાંથી જાગ્યા પછી સ્વપ્નાનો કાળ ખોટો થાય છે તેની સાથે સ્વપ્નાની જગ્યા પણ ખોટી થાય છે. તેથી એક જીવ અને બીજા જીવની વચ્ચે જે ભેદ સ્વપ્નામાં દેખાતો હતો તે જાગ્રત થતાં ખોટો ઠરે છે. જેવું સ્વપ્નામાં છે તેવું જ જાગ્રતમાં છે. કાળનો વિચાર પરિણામવાદમાં આવે છે, વિવર્તવાદમાં કાળ નથી. જગ્યાનો વિચાર પણ પરિણામવાદમાં આવે છે. વિવર્તવાદમાં જગ્યા નથી. દોરડીમાં ભૂલથી દેખાતો સર્પ કઈ જગ્યાએ છે તે કહી શકાતું નથી અને કેટલો વખત રહેશે તે પણ કહી શકાતું નથી. જગ્યા અને કાળ જુદા પાડી શકાતા નથી. આવે તો બન્ને સાથે આવે છે અને જાય તો બન્ને સાથે જાય છે.

ઈ.સ.૧૯૦૯માં રશીઓના એક સાયન્ટીસ્ટ મીન્કોવસ્કીએ એક જગ્યાએ ભાષણ કરતાં કહેલ હતું કે :-

"From henceforth, space in itself and time in itself sink into mere shadows and only a kind of union of the two preserves any existence."

એટલે દેશ અને કાળ જુદા પાડી શકાતા નથી. જેમ કાળ દ્રષ્ટા (observer)માંથી નીકળે છે તેમ જગ્યા પણ દ્રષ્ટામાંથી નીકળે છે. તેથી જેઓ વિવર્તવાદ સ્વીકારે છે તેમણે એક જીવવાદ પણ સ્વીકારવો પડે છે. એક જીવવાદની પ્રક્રિયા નીચે પ્રમાણે છે.

૧ અજ્ઞાનરૂપ ઉપાધિથી રહિત શુદ્ધ ચૈતન્ય ઈશ્વર છે.

૨ અજ્ઞાન ઉપહિત ચૈતન્ય જીવ છે.

૩ જીવ પોતાના અજ્ઞાન દ્વારા જગતનું ઉપાદાનકારણ છે અને નિમિત્તકારણ છે.

૪ આ મતમાં બધું દૃશ્ય પ્રાતિભાસિક છે.

૫ દેહના ભેદથી જીવના ભેદની ભ્રાંતિ થાય છે.

૬ અજ્ઞાત પ્રાતિભાસિકની સત્તા નથી.

૭ જ્ઞાત પ્રાતિભાસિકની કલ્પિત સત્તા છે.

૮ આ મતમાં માયા અને અવિદ્યા એક હોવાથી અવિદ્યા એક છે અને તેથી જીવ પણ એક છે.

૯ સુખદુઃખની જે ઉપલબ્ધિ થાય છે તે અંતઃકરણના ભેદથી થાય છે, કારણ કે કર્તા ભોક્તાની ઉપાધિ અંતઃકરણ છે અને અંતઃકરણ અનેક છે તેથી એક જીવવાદમાં બધાં શરીરમાં ક્રિયાસામ્ય અને ભોગસામ્ય થતાં નથી.

૧૦ જગતની રચના ઈશ્વર કરતા નથી પરંતુ સ્વપ્નાના હાથી અને રથ વગેરેની માફક જીવની આશ્રિત અવિદ્યા જગતની કલ્પના કરે છે.

૧૧ અવિદ્યાનું સ્વગત ચિદાભાસની સાથે તાદાત્મ્ય છે તેથી તેનું સમસ્ત કાર્ય આભાસ દ્વારા ચેતનથી અનુગત છે.

૧૨ કર્તૃત્વ વગેરે બધા ધર્મોથી વિશિષ્ટ અંતઃકરણનો આત્મામાં અધ્યાસ થવાથી (સ્વપ્નાની માફક) વ્યાવહારિક અને

પ્રાતિભાસિક ભેદની ખબર પડતી નથી. જ્યારે જ્ઞાનથી અધ્યાસ દૂર થાય છે ત્યારે (સ્વપ્નામાંથી જાગ્યાની માફક) અંતઃકરણ અને તેના ધર્મોનો બાધ થાય છે અથવા જીવનમુક્ત દશામાં તેની પ્રતીતિ માત્ર રહે છે.

મુખ્ય વસ્તુ સમજવાની એ છે કે દેશ, કાળ અને વસ્તુનું પરિચ્છેદપણું આત્મામાં રહેતું નથી. અનાત્મામાં રહે છે. દૃષ્ટાંત તરીકે:-

૧. અત્યંતાભાવનું જે પ્રતિયોગીપણું તેનું નામ દેશ પરિચ્છેદ છે. જેમકે ઘટત્વાદિ ધર્મનો પટત્વાદિમાં અત્યંત અભાવ છે. આ અત્યંતાભાવનું પ્રતિયોગીપણું ઘટાદિમાં છે. આ જ ઘટત્વાદિ ધર્મમાં દેશ પરિચ્છેદ છે.

૨. પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવનું જે પ્રતિયોગીપણું તેનું નામ કાલ પરિચ્છેદ છે. જેમ કે ઘટનો પ્રાગભાવ પોતાની ઉત્પત્તિ પૂર્વે પોતાના ઉપાદાનકારણરૂપ કપાલ (માટીમાં)માં રહે છે. ઘટના નાશ પછી કપાલમાં પ્રધ્વંસાભાવ રહે છે. આ પ્રમાણે પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવનું પ્રતિયોગીપણું ઘટમાં રહે છે, ઘટમાં એ પ્રમાણે કાલપરિચ્છેદ છે.

૩. અન્યોઽન્યાભાવના પ્રતિયોગીપણાનું નામ વસ્તુપરિચ્છેદ છે. જેમ કે ઘટનો પટમાં ભેદ રહે છે. વળી પટનો ઘટમાં ભેદ રહે છે. આ ભેદરૂપ અન્યોઽન્યાભાવનું પ્રતિયોગીપણું ઘટમાં છે. આનું નામ ઘટ તથા પટ વગેરેમાં વસ્તુ પરિચ્છેદ છે.

આ રીતે સર્વ અનાત્મપદાર્થો ત્રણ પરિચ્છેદવાળા છે. બ્રહ્મમાં અથવા આત્મામાં ત્રણે પરિચ્છેદમાંથી કોઈ પણ પ્રકારનો પરિચ્છેદ રહેતો નથી.

आकाशवत् सर्वगतश्च नित्यः महतो महियान् વગેરે શ્રુતિમાં બ્રહ્મને વિભુ રૂપે અથવા વ્યાપક રૂપે કહેલ છે. વળી આ વિભુ દ્રવ્યનો

કોઈ પણ સ્થળે અત્યંતાભાવ થતો નથી; તેથી બ્રહ્મમાં દેશપરિચ્છેદ સંભવતો નથી. વળી **सत्यं ज्ञानमनंतम् ब्रह्म, न जायते म्रियते वा कदाचित** વગેરે શ્રુતિમાં બ્રહ્મને ઉત્પત્તિ તથા વિનાશથી રહિત નિત્ય કહેલ છે. નિત્ય વસ્તુનો પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ હોતો નથી. વળી સ્વપ્ન પદાર્થની માફક સર્વજગત બ્રહ્મમાં આરોપિત હોવાથી મિથ્યા છે. આરોપિત વસ્તુ અધિષ્ઠાનથી ભિન્ન સત્તાવાળી હોતી નથી. માટે અધિષ્ઠાન બ્રહ્મ જ સર્વના આત્મારૂપ છે તેથી બ્રહ્મમાં વસ્તુપરિચ્છેદ પણ બનતો નથી. જ્યારે બ્રહ્મમાં જીવાત્માના અભેદને વિષય કરનારું **ब्रह्मैवा ऽहमस्मि** એ રીતનું અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે જ્ઞાન થવાથી જીવાત્માની પરિચ્છિન્નપણાની અને અબ્રહ્મપણાની નિવૃત્તિ થઈ જાય છે. એવું જ્ઞાન શુકદેવજીએ પરીક્ષિત રાજાને છેલ્લી વખતે આપ્યું હતું.

ઉપરના સિદ્ધાંતોનો સાર કાઢીએ તો નીચે પ્રમાણે ટુંકામાં જણાવી શકાય છે :-

અનેક જીવની પદ્ધતિ	એક જીવની પદ્ધતિ
૧ વ્યવહારિક સત્તા	૧ પ્રાતિભાસિક સત્તા
૨ અજ્ઞાત સત્તા	૨ જ્ઞાત સત્તા
૩ વ્યવહારિક વસ્તુ આંખથી દેખાય	૩ બધું પ્રાતિભાસિક સાક્ષી ભાસ્ય છે
૪ પરિણામવાદ	૪ વિવર્તવાદ
૫ વસ્તુ આંખથી જોયા પહેલાં હોય	૫ દ્રષ્ટિકાળે પ્રતીતિ
૬ સૃષ્ટિ-દ્રષ્ટિવાદ	૬ દ્રષ્ટિ-સૃષ્ટિવાદ
૭ એક અંશની નિવૃત્તિ થાય	૭ એક અંશની નિવૃત્તિ ન થાય
૮ વસ્તુ સાકાર હોય છે	૮ વસ્તુ નિરાકાર હોય છે
૯ ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે	૯ અજ્ઞાનકાળે સમકાલ-પ્રતીતિ અને જ્ઞાનકાળે ત્રિકાલિક નિષેધ
૧૦ એકના જ્ઞાન કરતાં બીજુ જ્ઞાન વધારે સારૂં હોય	૧૦ એક જ જ્ઞાન સાચું છે

ઉપરના સિદ્ધાંતોનો સાર કાઢીએ તો નીચે પ્રમાણે ટુંકામાં જણાવી શકાય છે :-

અનેક જીવની પદ્ધતિ	એક જીવની પદ્ધતિ
૧૧ જોનારના વિચાર સિવાય જગતનો વિચાર થઈ શકે	૧૧ જોનારના વિચાર સિવાય જગતનો વિચાર થઈ શકે નહિ
૧૨ જગતનું જ્ઞાન રાખવામાં હરકત નથી	૧૨ કલ્પિતનું જ્ઞાન તત્ત્વજ્ઞાનમાં પ્રતિબંધ કરે છે
૧૩ અનેક જ્ઞાનની સામગ્રી છે	૧૩ અનેક જ્ઞાનની સામગ્રી નથી
૧૪ સંબંધ થાય છે	૧૪ સંબંધ થતો નથી
૧૫ સ્વગત ભેદ રહે છે	૧૫ સ્વગતભેદ રહેતો નથી
૧૬ દ્રષ્ટાથી દ્રષ્ય જુદું હોય	૧૬ દ્રષ્ટાથી દ્રષ્ય જુદું ન હોય
૧૭ જગત બધાને સરખું દેખાય	૧૭ દરેકને જગત જુદું દેખાય
૧૮ અનેક દ્રષ્ટા રહી શકે	૧૮ એક દ્રષ્ટાનું જ્ઞાન ઠીક થાય તો બીજા રહે નહિ
૧૯ વ્યવહારમાં દ્વૈત રહે	૧૯ વ્યવહારમાં કલ્પિત દ્વૈત રહે
૨૦ ભેદનો અભેદ કરવો પડે છે	૨૦ ભેદનો નિષેધ કરવો પડે છે
૨૧ Objects	૨૧ Event

ઉપરની પદ્ધતિ પ્રમાણે અનેક જીવ પ્રાતિભાસિક થાય છે. સ્વપ્નું સ્વપ્ન વખતે વ્યવહારિક છે, જાગ્યા પછી પ્રાતિભાસિક છે. પ્રાતિભાસિક લાગ્યા પછી બધું હું હતો એ જાણવું સહેલું છે. તે વખતે સ્વપ્નાના અનેક જીવની ભ્રાંતિ નીકળી જાય છે. જાગ્રતમાં પણ આત્મજ્ઞાન વખતે દ્રષ્ટા-દર્શન અને દ્રષ્યની ત્રિપુટીનો બાધ થાય છે.

ત્રિપુટીનો બાધ કરવા માટે નવા સાયન્સમાં નીચે પ્રમાણે દ્રષ્ટાંત આપવામાં આવે છે :-

સામાન્ય વ્યવહારમાં નીચેની આકૃતિ પ્રમાણે ત્રણ પ્રકારનો સંબંધ બને છે :-



એક માણસ ૨ આગળ ઉભો છે. તે ૧ નંબર આગળ કોઈ એક વસ્તુ જુએ છે. આંહી દ્રષ્ટા અને દ્રષ્યનો સંબંધ થયો. પછી તે માણસ પોતાની માન્યતા પ્રમાણે તે વસ્તુને પોતાથી જુદી સમજીને નંબર ૩ આગળ મૂકે છે. આ અનુભવમાં દ્રષ્ટા, દર્શન અને દ્રશ્ય ત્રણે છે.

હવે સાપેક્ષવાદની નવી શોધ થયા પછી ત્રણેનું ઐક્ય નીચેની આકૃતિ પ્રમાણે કરે છે :-



આંહી अ દ્રષ્ટા છે, અને ख દર્શનની વૃત્તિ છે; પણ એ બધું એક ક્ષેત્રની અંદર છે. જેવું સ્વપ્નમાં છે તેવું જાગ્રતમાં છે. તેને નવા સાયન્સવાળા ફીલ્ડ કહે છે. એ ફીલ્ડ (ક્ષેત્ર)ના દેશ કાળ, જોનારના જ્ઞાન પ્રમાણે અનેક રીતે ફરી શકે છે. તે ક્ષેત્રમાં બાળક હોય તો તેના દેશકાળ જુદા રહે છે, પશુ હોય તો તેના દેશ કાળ જુદા હોય છે, જ્ઞાની હોય તેના દેશકાળ જુદા હોય છે. જેમ સ્વપ્નમાં બધી અજ્ઞાનની રમત છે અથવા વિપરીત જ્ઞાનની રમત છે, તેવી જ રીતે જાગ્રતમાં અજ્ઞાની માણસનું ક્ષેત્ર હોય છે. પહેલી આકૃતિમાં સામે જે કાંઈ જુદું દેખાય છે તે કોઈ વસ્તુ છે. બીજી આકૃતિમાં બધું મળીને એક બનાવ છે. સ્વપ્નમાં જે કોઈ વસ્તુ સામે દેખાય છે તે જાગ્યા પછી વસ્તુ તરીકે રહેતી નથી પણ એક કલ્પિત ઘટના હતી એવું લાગે છે. જાગ્રતમાં પણ એવું જ છે, એમ સાપેક્ષવાદના સાયન્સવાળા હવે ગણિતથી સિદ્ધ કરી આપે છે. તેઓ કહે છે કે In this continuum, there is no distinction between subject and object એટલે દૃષ્ટા-દૃષ્યનું એક પ્રાતિભાસિક ક્ષેત્ર બની જાય છે.

હવે શાસ્ત્રની દૃષ્ટિથી જોઈએ તો જ્યારે આત્માનું અનુસંધાન ન રહે ત્યારે જ અનેક જીવ જેવું જણાય છે અને જ્યારે અનેક જીવ જેવું જણાય છે ત્યારે ગુણદોષની બુદ્ધિ ઉત્પન્ન થાય છે (ભાગવત ૧૧-૭-૮ અને ૧૧-૧૦-૩૨) જેઓ જીવ અને ઈશ્વરને જુદા માને છે તે જીવ જીવ વચ્ચે પણ ભેદ માને છે. તેઓ ગુણદોષમાં પડી જાય છે, અને લડાઈ અને ઝઘડા ઉત્પન્ન કરે છે. પશ્ચિમના ધર્મોની એવી દશા છે. જેઓ બધામાં એક આત્મા માને છે તેઓને લડાઈ કે હુલ્લડ ગમતા નથી. તેઓ તેમાં ભાગ લેતા નથી. તેથી વ્યવહારદૃષ્ટિએ પણ એક જીવવાદ ઘણો લાભકારક છે.

યુક્તિથી જોઈએ તો કલ્પિત ધર્મ ઐક્યમાં બાધક થતો નથી

કારણ કે જીવ-બ્રહ્મની એકતા વખતે કલ્પિત ધર્મોની નિઃશેષ નિવૃત્તિ થાય છે. જો કલ્પિત ધર્મ છે જ નહિ તો બાધક શી રીતે થાય ? વ્યવહારમાં અવિદ્યા કાર્યવિષયક થઈ જાય છે તેથી અનેક જીવ જેવું ભાસે છે. પણ પ્રત્યક્ષ પ્રમાણ અબાધિત અર્થને બતાવતું નથી. તેનો બાધ આત્મજ્ઞાનથી થાય છે. જે વસ્તુ એક જ્ઞાનથી સાચી લાગે અને બીજા જ્ઞાનથી બાધ પામે તે મિથ્યા હોય છે.

રજ્જુમાં બાધ પામેલ સર્પ વિદ્યા-વેદ્ય નથી, તેમ અનેક જીવનો બાધ થયા પછી અનેકત્વ જાણવા જેવું રહેતું નથી. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્નાનું અનેકત્વ જાણવા જેવું રહેતું નથી. જેમ પશુના જ્ઞાનમાં અને માણસના જ્ઞાનમાં ઘણો ફેર છે તેમ માણસના જ્ઞાનમાં અને બ્રહ્મજ્ઞાનમાં ઘણો ફેર છે.

કોઈ માણસ બહાર જતો હોય તેને જોઈને આપણે એમ માનવું જોઈએ કે હું જાઉં છું, કોઈને આવતો જોઈને એમ માનવું કે હું આવું છું, કોઈપણ રીતે જ્ઞાનને અન્ય આકારે થવા દેવું નહિ, તેને જ અવ્યભિચારી ભક્તિ કહે છે.

આત્માની સ્વસ્વરૂપ અવસ્થામાં વિષય અને વિષયનું જ્ઞાન પ્રતિકૂળ છે, કારણકે એ રીતે દ્વૈત ન હોય છતાં દેખાય છે અને આત્મામાં નિષ્ઠા થતી નથી. આત્મ-વ્યતિરિક્ત વસ્તુ આત્મામાં કલ્પિત હોવાથી આત્મ માત્ર-સ્વરૂપ છે. તેથી વ્યતિરેક બનતો નથી અને અન્વય પણ બની શકતો નથી. આત્મજ્ઞાન થયા પછી ભૂગોળ નથી કે ઈતિહાસ નથી.

આત્મા સિવાય બીજી વસ્તુનું જ્ઞાન મન અને આત્માનો વિયોગ કરે છે. તે દશામાં દ્વૈત જેવું જણાય છે અને તેથી દુઃખ થાય છે. પૂર્ણમાંથી કાંઈપણ ઓછું સ્વીકારવાથી દુઃખ થાય છે. ગંજીપામાં દશ દાણાવાળા પાના કરતાં એક દાણાવાળા એકાની કિંમત વધારે છે. દ્વૈતનું અદર્શન

એ જ્ઞાનીની ઉપાસના છે. હાલના ઘણા સમાજ સેવકનું લક્ષ્ય માણસના વ્યવહારિક જીવનના કલ્યાણ તરફ છે. તત્ત્વજ્ઞાનીનું લક્ષ્ય માણસના જ્ઞાનને ઠીક કરીને આખું વિશ્વ અભિન્ન રીતે સમજવા તરફ હોય છે. એવી દશામાં બધા વિરોધનો અંત આવી જાય છે.

હાલનું સાયન્સ કહે છે કે :-

As space is an illusion, the distinction between inside and outside becomes unreal. Distance is defined by certain operations of measurements and not with reference to non-sensical conceptions such as the amount of emptiness between two points.

એટલે એક વસ્તુ અને બીજી વસ્તુની વચ્ચે અથવા એક જીવ અને બીજા જીવની વચ્ચે જે અંતર છે તેનું કારણ વચમાની ખાલી જગ્યા નથી, પણ એક પ્રકારનું પ્રમાણ (મેઝર) અથવા માયા છે. જેમ કે લીંબડો માણસને ઉંચો લાગે છે, વાંદરાને નીચો લાગે છે, મોર પોપટ વગેરે ઉડીને તરત ઉપર બેસી શકે છે તેથી પક્ષીઓને તે બિલકુલ ઉંચો લાગતો નથી.

તેવીજ રીતે જ્ઞાની પુરૂષને જગત બહુ નાનું લાગે છે અને અભિન્ન લાગે છે. સ્વપ્નમાં એક જીવ અને બીજા જીવની વચ્ચેની જગ્યા માયાથી ઉત્પન્ન થાય છે, એ કોઈ સાચી વસ્તુ નથી; તેવીજ રીતે જાગ્રતની જગ્યા બાબત સમજવાનું છે. માયાને દૂર કરી શકાય તો સ્વપ્નામાં જેમ બે જીવ રહેતા નથી, તેમ જાગ્રતમાં પણ રહેતા નથી. છતાં વ્યહારિક દૃષ્ટિથી અનેક જીવ લાગતા હોય ત્યાં દૃષ્ટિ ફેરવીને સત્તા એક છે એટલે માત્ર ભગવાન જ છે એમ ભક્તો માને છે. એટલે એક ઓરડામાં ઘણા પ્રકારના અરિસા હોય, ત્યાં કોઈ માણસ જાય તો તેમાં લાંબાં ટુંકાં ઘણા શરીર જોવામાં આવે છે, છતાં ત્યાં વાસ્તવિક રીતે એક જીવ છે. રાસલીલાના પ્રસંગમાં પણ શુકદેવજી

પરીક્ષિત રાજાને કહે છે કે "ભગવાનની એ લીલા એવી હતી કે જાણે ભગવાન જુદા જુદા અરિસામાં પોતાનું સ્વરૂપ જોતા હોય. આ કથાને આધારે ભક્તો એક એવી કથા કહે છે કે એક વખત વૃંદાવનમાં શ્રીકૃષ્ણ પોતાના મહેલની અગાશી ઉપર ફરતા હતા. તે વખતે તેમના મનમાં એવો વિચાર આવ્યો કે મારા ભક્તો મારૂં મુખારવિંદ જોઈને આનંદ પામે છે તો મારૂં સ્વરૂપ કેવું હશે તે હું જોઉં. એમ વિચાર કરી તેમણે એક મોટો અરીસો મંગાવ્યો. તે હાથમાં રાખી તેમાં પોતાનું મોઢું જોતાં અગાશીમાં ફરતા હતા, એટલામાં તેમના હાથમાંથી અરીસો નીચે પડી ગયો અને તેના ઘણા કટકા થઈ ગયા. તે કટકાને જોતાં તેમાં ઘણા કૃષ્ણ જોવામાં આવ્યા. તેવી જ રીતે સૃષ્ટિ વખતે એમ માનો કે ભગવાનના હાથમાંથી અરિસો પડી ગયો અને જેટલા જીવ થયા તેટલા અરિસાના કટકા થઈ ગયા, તેથી અનેક જીવનો દેખાવ થયો પણ વાસ્તવમાં જીવ એક જ છે. શ્રીમદ્ ભાગવતમાં કહે છે કે માયા બહુરૂપવાળી હોવાથી બહુ જીવ જેવું દેખાય છે પણ વાસ્તવમાં જીવ એક જ છે. (૨-૯-૨ અને ૧૧-૭-૮)

પણ કોઈ એવો પ્રશ્ન કરે કે અરિસા તો જડ છે અને જીવ તો સ્વતંત્ર રીતે ફરે છે. એક જીવ ફરે ત્યારે બીજો બેઠો હોય છે. તેનું કારણ એ છે કે જોનાર પોતાને દેહના અભિમાનથી એક જગ્યાએ રહેલો માને છે. યોગ-સિદ્ધિવાળા યોગીઓ પર-કાયપ્રવેશ કરીને બીજા શરીરને પણ પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવી શકે છે.

અનેક જીવ થવા માટે સાચા દેશ-કાળના ભેદ જોઈએ. હવેનું સાયન્સ કહે છે કે દેશ-કાળ જગતમાં નથી. પણ જગત સાથે આપણા સંબંધમાં પ્રતીત થાય છે. એ સંબંધ માયાવાળા હોવાથી દેશ-કાળ પણ માયાની અંદર છે.

તત્ત્વમાં એટલે અધિષ્ઠાનમાં દેશ-કાળના ભેદ નથી તેથી અનેક

જીવ બની શકતા નથી. બાકી એક જીવ રહે છે. તેને બ્રહ્મ, પરમાત્મા અથવા ભગવાન કહે છે (ભાગવત ૧-૨-૧૧) એટલું જ્ઞાન પાકું થયા પછી જો ધ્યાન કરવામાં આવે તો ધ્યાનમાં બ્રહ્મ જ આવશે, કારણકે બીજું કાંઈ નથી એમ નક્કી કરી રાખેલ હોય છે. તેથી ધ્યાન સારું થાય છે અને સારો અને સાચો અનુભવ પણ મળે છે. આવા જ્ઞાની પુરુષ ધ્યાન કરે તો એકનો અનુભવ થાય છે અને ધ્યાન છોડે તો પણ એકનો અનુભવ થાય છે.

निमेषार्थं न तिष्ठन्ति वृर्ति ब्रह्ममयी विना ।
यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकादयः शुकादयः ॥

(અપરોક્ષાનુભૂતિ)

જ્ઞાની પુરુષોની વૃત્તિ બ્રહ્માકાર સિવાય એક ક્ષણ પણ રહેતી નથી. બ્રહ્મા, સનકાદિ અને શુકદેવજી વગેરે એવી વૃત્તિથી રહેતા હતા. અનાત્મપદાર્થ આત્માના અજ્ઞાનથી જણાય છે, તેવી જ રીતે અનેક જીવ પણ આત્માના અજ્ઞાનથી જણાય છે. અજ્ઞાન દૂર થાય ત્યારે અન્યનો પ્રશ્ન રહેતો નથી.

જેન્ટીલે નામનો એક સારો લેખક કહે છે કે :-

When we compare two or more acts, we ought to notice that we are not in that actuality of the soul in which multiplicity is unity, for, in that actuality the comparison is impossible. Number cannot enter into the nature of what cannot be objectified.

એટલે જ્યારે કોઈ માણસ બે બનાવ વચ્ચે તુલના કરે છે અથવા બે જીવ વચ્ચે તુલના કરે છે, ત્યારે તેને આત્મજ્ઞાન હોતું નથી. આત્મા બધામાં એક હોવાથી તુલના અથવા સરખામણી થઈ શકતી નથી. જે વસ્તુ દૃશ્ય થઈ શકતી નથી તેમાં સંખ્યા રહી શકતી નથી.

વેદાન્તમાં જીવનો અર્થ કરવામાં શુદ્ધ ચેતન અને અજ્ઞાનરૂપ

ઉપાધિ એ બે લેવામાં આવે છે. તેમાં શુદ્ધ ચેતન એક છે અને સર્વવ્યાપક છે, પણ ઉપાધિરૂપ અજ્ઞાન એક છે કે અનેક છે તે બાબતમાં બે મત છે. જેઓ વ્યવહારિક સત્તા માને છે તેઓ કહે છે કે અજ્ઞાન અનેક છે કારણ કે એક જીવનો મોક્ષ થવાથી બધાનો મોક્ષ થતો નથી, એટલે બીજા બંધનમાં રહી જાય છે. વળી તેઓ એમ પણ કહે છે કે બૃહદારણ્યક ઉપનિષદમાં એમ કહેલું છે કે **इन्द्रो मायामिः पुरूरुप ईयते** એટલે પરમાત્મા અજ્ઞાનો વડે બહુરૂપે પ્રતીત થાય છે. આ બાબત ઉપર વિચાર કરતાં નીચે પ્રમાણે ખુલાસો થઈ શકે છે :

૧ અનેક અજ્ઞાન હોય તો એક અજ્ઞાન અને બીજા અજ્ઞાન વચ્ચે ખાલી જગ્યા જોઈએ અને એકનું અજ્ઞાન ગયા પછી બીજાનું રહી જાય તે માટે કાળ પણ જોઈએ.

૨ જગ્યા અને કાળ ક્યાંથી આવ્યા તે બાબત ઉપનિષદની અંદર બરાબર ખુલાસો મળી શકતો નથી. કાળની ઉત્પત્તિ માટે પણ કાળ જોઈએ. તેથી શ્રી શંકરાચાર્યના ભાષ્યમાં વારંવાર इव શબ્દ આવે છે એટલે બહુ અજ્ઞાન જેવું દેખાય છે, વાસ્તવમાં અજ્ઞાન સાચું નથી તો તેમાં બહુ પણું ક્યાંથી આવે !

૩ સ્વપ્નામાં ઘણા માણસ દેખાય છે અને તેમના બધાના અજ્ઞાન ગણીએ તો ઘણા અજ્ઞાન દેખાય છે, પણ આપણે જાગીએ તો ઘણા માણસ રહેતા નથી અને ઘણા અજ્ઞાન પણ રહેતા નથી.

૪ જ્યાં અનેક રહેતા નથી ત્યાં એકનો મોક્ષ થયા પછી, બીજા બંધનમાં રહે છે એ પ્રશ્ન ખોટો છે, કારણ કે એ દશામાં અનેક નથી.

૫ જેઓ વ્યવહારિક સત્તાને પ્રાતિભાસિક માને છે તેઓ એક અજ્ઞાન માને છે અને એ વાત હાલના સાયન્સને મળતી આવે છે. જગ્યા અને કાળ દ્રષ્ટા (observer)ની ભૂમિકા ઉપરથી

પ્રતીત થાય છે. તેને દૃષ્ટાના સ્થાન ધર્મ કહે છે. તે સાપેક્ષ છે, તેથી અનેક અજ્ઞાન બનતા નથી અને અનેક જીવ બનતા નથી.

૬ ઉપર કહ્યું તેમ જે વસ્તુ પ્રાતિભાસિક હોય અને દ્રશ્ય થઈ શકતી નથી તેમાં સંખ્યા બની શકતી નથી.

૭ જો દ્વૈત ખોટું છે તો સર્વની મુક્તિનો પ્રશ્ન ખોટો છે અથવા બહુ જીવ દેખાતા હોય અને તેમનું શું થશે એવા વિચાર જેને આવતા હોય તે સ્વપ્નામાં છે. તેથી અનેક જીવની જેવી વ્યવસ્થા સ્વપ્નમાં છે તેવી જાગ્રતમાં છે. તે માટે શ્રીકૃષ્ણ ભાગવતમાં કહે છે કે :

यावान्नानार्थघीः पुसो न निवर्तेत युक्तिमिः ।
जागर्त्यपि स्वप्नज्ञः स्वप्ने जागरणं यथा ॥

(૧૧-૧૩-૩૦)

અર્થ :- જ્યાં સુધી યુક્તિઓ દ્વારા પુરૂષની ભેદબુદ્ધિ નિવૃત્ત થતી નથી ત્યાં સુધી અનેક જોનાર અજ્ઞાની જાગ્રત થયાં છતાં સ્વપ્નામાં છે. જેમ સ્વપ્ન અવસ્થામાં વિષયોનો અનુભવ થવાના કારણથી જાગ્રતની ભ્રાંતિ થાય છે, તેમ જાગ્રતમાં પણ વિષયો (પ્રાતિભાસિક હોવા છતાં)નો અનુભવ થવાના કારણથી અનેકત્વની ભ્રાંતિ થાય છે. તેથી છેવટના ઉપાય તરીકે શ્રીકૃષ્ણ કહે છે :-

दर्ष्टि ततः प्रतिनिवर्त्य निवृत तृष्ण -
स्तूष्णीं भवेन्निजसुखानुभवो निरीहः ।
सन्दश्यते क्व च यदीदमवस्तु बुद्धया
त्यक्तं भ्रमाय न भवेत्स्मृतिरानिपातात् ॥

(૧૧-૧૩-૩૫)

અર્થ :- તેથી માયિક પ્રપંચથી દ્રષ્ટિ હઠાવી લઈ, તૃષ્ણા રહિત

થઈ, મૌન રાખી, નિજાનંદપૂર્ણ અને નિષ્ઠાવાળા થઈ જવું, પછી જોકે (આહાર વગેરે દેહની ક્રિયા વખતે) પ્રપંચની પ્રતીતિ થશે તો પણ તેને અવસ્તુ સમજી છોડેલ હોવાથી તે ફરીથી ભ્રાંતિ ઉત્પન્ન કરી શકશે નહિ, એટલે જ્યાં સુધી દેહ રહેશે ત્યાં સુધી પ્રપંચની પ્રતીતિ રહ્યા કરશે.

સ્વપ્ન-પ્રપંચમાંથી જાગેલા માણસને તે પ્રપંચમાં આસક્તિ નથી, તેવી જ રીતે બ્રહ્મજ્ઞાનીને જાગ્રત-પ્રપંચમાં આસક્તિ થતી નથી. દ્વૈતનું ભાન બ્રહ્મના આનંદને અટકાવે છે. અદ્વૈતનું ભાન થયા પછી બ્રહ્મના આનંદને અટકાવનાર કોઈ નથી.

ભાન અથવા જ્ઞાનનો સ્વભાવ કેવો છે તે બાબતમાં યોગવાસિષ્ઠમાં (ઉપશમ પ્રકરણ સર્ગ-૨૭) કહેલ છે કે "ચૈતન્ય સિવાય કોઈ પદાર્થમાં સત્-તા (સત્તા) નથી. જે ચૈતન્ય છે તે સૂર્યને "આ સૂર્ય છે" એમ જાણે નહિ તો સૂર્યને અને અંધકારને પરસ્પર શો સંબંધ રહે? ઘુવડ દિવસે સૂર્યને જાણતા નથી તો તેના પ્રત્યે સૂર્યની સત્તા કેટલી રહે? ચૈતન્ય જો પૃથ્વીને આ પૃથ્વી છે એમ જાણે નહિ તો પૃથ્વીને અને જળ વગેરેને પરસ્પર શો ભેદ રહે? માછલાં પાણીની બહાર નીકળતા મરી જાય છે અને માણસ પાણીની અંદર ડુબે તો મરી જાય છે. ચૈતન્ય જો દિશાઓને આ દીશાઓ છે એમ જાણે નહિ તો દિશાઓમાં દિશાપણું શું રહે? ઉંડા દરીઆમાં ફરતી માછલીઓના જ્ઞાનમાં દિશા જેવું કાંઈ હોતું નથી. ચૈતન્ય જો પર્વતોને "આ પર્વતો છે એમ જાણે નહિ તો પર્વતમાં પર્વતપણું શું રહે?" સ્વપ્નના જ્ઞાનના પર્વતો જાગ્રતના જ્ઞાનથી સત્તા વગરના થઈ જાય છે. ચૈતન્ય જો આકાશને આ આકાશ છે એમ જાણે નહિ તો આકાશમાં આકાશપણું શું રહે? પક્ષીઓ આકાશમાં પાણીની માફક તરે છે. ચૈતન્ય જો સ્થૂલ શરીરને આ સ્થૂલ શરીર છે એમ જાણે નહિ તો પ્રાણીઓના સ્થૂલ

શરીરમાં સ્થૂલ શરીર જેવું શું રહે? માણસના શરીરની અંદર રહેતા ઝીણા જીવડાઓના જ્ઞાનમાં માણસનું શરીર નથી. ચૈતન્યના જ્ઞાન વિના કાંઈ પણ સિદ્ધ થતું નથી. એટલા માટે જે કાંઈ છે તે ચૈતન્ય જ છે, ઇંદ્રિયો ચૈતન્ય છે, શરીર પણ ચૈતન્ય છે, મન પણ ચૈતન્ય છે; મનની તૃષ્ણાઓ પણ ચૈતન્ય છે, અંદર ચૈતન્ય છે, બહાર પણ ચૈતન્ય છે, અસત્ પદાર્થ ચૈતન્ય છે અને રજ્જુ-સર્પ વગેરે અનિવર્ચનીય પદાર્થો છે તે પણ ચૈતન્ય છે. સ્વપ્નામાં એ બધું દેખાય છે અને જાગ્યા પછી એમ લાગે છે કે એ બધાં એક જ જ્ઞાનનાં સ્વરૂપ હતાં એટલે બધાં નહોતાં, એક જ હતું. ચૈતન્યમાં બીજાપણાની કલ્પના જ સંભવતી નથી તેથી જગતમાં શત્રુ કોણ સંભવે અને મિત્ર કોણ સંભવે? ચૈતન્ય જો આ દ્વેષ છે એમ જાણે નહિ તો દ્વેષ પણ શો પદાર્થ છે? જ્યાં સુધી સિંધનો મુલક હિંદમાં હતો અને પાકીસ્તાનનું નામ નહોતું અને પાકીસ્તાનનું જ્ઞાન નહોતું ત્યાં સુધી એ બન્ને દેશ વચ્ચે દ્વેષ હતો જ નહિ, તેથી દ્વેષની સિદ્ધિ પણ ચૈતન્યના જ્ઞાન વગર થતી નથી અને રાગની સિદ્ધિ પણ રાગના જ્ઞાન વગર થતી નથી, બાળકોને સ્ત્રીમાં રાગ થતો નથી. ટુંકામાં ભેદના જ્ઞાન વગર ભેદ સિદ્ધ થતા નથી અને ભેદનું જ્ઞાન અથવા દ્વૈતનું જ્ઞાન માયાવાળું છે. આ બાબત નક્કી કરવામાં સૂક્ષ્મ બુદ્ધિની જરૂર પડે છે.

આ બાબતમાં એક જીજ્ઞાસુએ અમને નીચે પ્રમાણે પ્રશ્ન લખી મોકલ્યો હતો :-

"સૌરાષ્ટ્રમાં 'આત્મધર્મ' નામનું પત્ર પ્રસિદ્ધ થાય છે, તેમાં નીચે પ્રમાણે હકીકત પ્રસિદ્ધ થયેલ છે તે બાબતમાં આપની દૃષ્ટિ અને સમજણનો પ્રકાશ આપી ખુલાસો કરશો :

કેટલાક જીવોનો અભિપ્રાય એવો છે કે જગતમાં સર્વવ્યાપી એક બ્રહ્મ છે અને બીજું જે દ્રષ્ય દેખાય છે તે બધી ભ્રાંતિ છે. વાસ્તવિક

તે કોઈ પદાર્થ નથી. જેમ દોરડીમાં સર્પનો ભ્રમ થાય છે, તેમ આ બધું ભ્રમ છે. તેમનો આ અભિપ્રાય જૂઠો છે, કેમ કે જો દોરડીમાં સર્પનો ભ્રમ થાય તો સર્પની હયાતી અન્યત્ર છે કે નહિ? જો સર્પની જગતમાં અન્યત્ર ક્યાંય હયાતી જ ન હોય તો સર્વથા અસત્ પદાર્થની દોરડીમાં કલ્પના કેમ થાય ? ન જ થાય. દોરડીને સર્પ માનવી એ ભ્રમ છે, કેમકે દોરડીમાં સર્પનો અભાવ છે. પરંતુ સર્પમાં સર્પનો અભાવ નથી. જગતમાં તો સર્પની હયાતી છે, તે પ્રમાણે આત્મામાં શરીર વગેરે અજીવ પદાર્થોનો અભાવ છે. પરંતુ જગતમાં તેમનો અભાવ નથી. અજીવ પદાર્થની પોતાની પોતામાં હયાતી તો છે જ, તે સર્વથા ભ્રમ અથવા અસત નથી. પણ તે અજીવને પોતાનું માનવું એ ભ્રમ છે. જેમ જગતમાં ભિન્ન ભિન્ન અનેક આત્મા છે, તેમ ભિન્ન ભિન્ન પદાર્થો પણ છે. જગતમાં દોરડી છે, સર્પ પણ છે અને દોરડીને સર્પ માનવારૂપ ભ્રાંતિ પણ છે. આ વિશ્વમાં અનેક જીવ પદાર્થો પણ છે અને ભ્રાંતિરૂપ જીવની વિકારી દશા પણ છે. એટલે જીવ, અજીવ અને જીવની ભૂલ એ ત્રણ સિદ્ધ થાય છે."

ઉપરના પ્રશ્ન બાબત નીચે પ્રમાણે ખુલાસા થઈ શકે છે :-

૧ પહેલી બાબત એ સમજવાની છે કે દોરડીમાં કોઈને સર્પ દેખાતો નથી પણ દોરડીનું અજ્ઞાન સર્પ રૂપે દેખાય છે. દોરડીનું જ્ઞાન થાય તો સર્પ રહે નહિ, તેવી જ રીતે બ્રહ્મમાં જગત દેખાતું નથી પણ બ્રહ્મનું અજ્ઞાન જગતરૂપે દેખાય છે. બ્રહ્મનું જ્ઞાન થાય તો જગત રહે નહિ.

૨ સર્પની હયાંતી બીજે ઠેકાણે છે તેને લઈને દોરડીમાં સર્પ દેખાય છે તે વાત બરાબર નથી. એમ હોય તો બીજી જગ્યાએ રહેલ ઝાડની ડાળી, વગેરે પણ સાથે જ દેખાવા જોઈએ. મુખ્ય બાબત એ સિદ્ધ કરવાની છે કે જયાં (દોરડીની જગ્યાએ) સર્પ દેખાય

છે ત્યાં સર્પ છે કે નહિ. જયારે દોરડીનું જ્ઞાન થાય છે ત્યારે દોરડીની જગ્યાએ જોયેલ સર્પનો બાધ થાય છે, બીજી જગ્યાનો સર્પ બાધ પામતો નથી.

૩ જે સર્પ દેખાય છે તે દ્રષ્ટિના કાળનો સર્પ છે, બીજી જગ્યાએ જોયેલ સર્પ સ્મૃતિનો સર્પ છે. દ્રષ્ટિ વખતના જ્ઞાનમાં અને સ્મરણના જ્ઞાનમાં ઘણો ફેર છે. દ્રષ્ટિનું જ્ઞાન વર્તમાન કાળનું છે, સ્મરણનું જ્ઞાન ભૂતકાળનું છે. દોરડીના જ્ઞાન વખતે દ્રષ્ટિનો સર્પ બાધ પામે છે, સ્મૃતિનો સર્પ બાધ પામતો નથી. તેથી આંહી બીજી જગ્યાના સર્પનો પ્રશ્ન લેવો એ ખોટો છે. સિદ્ધાંતમાં બ્રહ્મમાં જગત દેખાય છે. તે જગત જયાં દેખાય છે ત્યાં છે કે નહિ એ પ્રશ્ન છે. તે દ્રષ્ટિનું જગત છે બીજી જગ્યાનો આંહી પ્રશ્ન નથી, તેમ સ્મૃતિના જગતનો પણ આંહી પ્રશ્ન નથી કારણ કે બ્રહ્મજ્ઞાન થાય ત્યારે દ્રષ્ટિના જગતનો બાધ થાય છે. તેને માટે બીજા જગતનો પ્રશ્ન રહેતો નથી.

૪ ભ્રાંતિમાં કદાચ પૂર્વ પ્રતીતિની જરૂર પડે તો પણ પૂર્વ પ્રતીતિ સાચી હોવી જોઈએ એવો નિયમ નથી. ગઈ કાલે જોયેલ જગતના સંસ્કારથી આજે જગત દેખાય તો પણ કાલે સાચી દ્દષ્ટિથી જગત જોયું હતું એમ સિદ્ધ થતું નથી.

૫ પૂર્વ પ્રતીતિ ન હોય છતાં પણ ભ્રાંતિ થઈ શકે છે. જેમ કે કોઈ એક માણસે કોઈ આંધળાને ભૂતની વાત કરી. તે આંધળાએ બીજા આંધળાને ભૂતની વાત કરી. એમ વીસ આંધળા સુધી ભૂતની વાત ફેલાઈ ગઈ. પછી કોઈવાર નળિયું ખખડવાથી વીસમો આંધળો બન્યો, અને તેણે કોઈને ભૂતની વાત કરી. છતાં કોઈ આંધળાએ ભૂત નજરે જોયું નથી. તેથી પૂર્વ પ્રતીતિ વગર પણ ભ્રાંતિ થઈ શકે છે.

૬ પહેલાં કોઈ જગ્યાએ સર્પ જોયો ન હોય પણ સર્પની વાત સાંભળી હોય અથવા સર્પનું ચિત્ર જોયું હોય તો પણ દોરડીમાં સર્પની ભ્રાંતિ થઈ શકે છે.

૭ દોરડીમાં બધાને સર્પ દેખાતો નથી, પણ કોઈને દંડ, કોઈને માળા, કોઈને પાણીનો રેલો દેખાય છે. તેવીજ રીતે દરેક જોનારને બ્રહ્મમાં પોતાની કલ્પના પ્રમાણે જગત દેખાય છે.

૮ પહેલાં કોઈ જગ્યાએ સર્પ જોયો હોય અને તેના જ્ઞાનના સંસ્કારથી દોરડીમાં સર્પ દેખાયો એમ માનીએ તો પણ પહેલા માણસને સર્પનું જ્ઞાન કેવી રીતે થાય છે અને તે જ્ઞાન સાચું છે કે નહિ તેની તપાસ કરવી જોઈએ. નવા જન્મેલા બાળકને સર્પનું જ્ઞાન હોતું નથી. એક સર્પને બીજો સર્પ એ સર્પ લાગતો નથી, મોરની દૃષ્ટિમાં સર્પ નથી. ફક્ત માણસના જગતમાં જન્મેલા માણસને બીજા માણસો સર્પનું જ્ઞાન આપે છે ત્યારે સર્પનું જ્ઞાન થાય છે. બ્રહ્મજ્ઞાની માણસો સર્પને સર્પ માનતા નથી પણ પોતાનું સ્વરૂપ માને છે, તેથી જ્ઞાન ઠીક કરતાં શીખવું જોઈએ.

૯ દોરડીમાં જ્યારે સર્પની ભ્રાંતિ થાય છે ત્યારે દોરડીનું અજ્ઞાન હોય છે. તેની સાથે સામે કાંઈક ઈદંતા રૂપે પડ્યું છે, એવી ઈદંતાની ભ્રાંતિ પહેલાં થાય છે, પછી તેમાં સર્પની ભ્રાંતિ થાય છે. જો ઈદંતાની ભ્રાંતિ નીકળી જાય તો સર્પની ભ્રાંતિ રહે નહિ. તેવી જ રીતે સિદ્ધાંતમાં જો ઈદંતાની ભ્રાંતિ નીકળી જાય તો બ્રહ્મમાં જગતની ભ્રાંતિ પણ નીકળી જાય. ઈદંતાની ભ્રાંતિ થવાનું મુખ્ય કારણ એ છે કે જીવ પોતાથી જુદું કાંઈક જુએ છે. એવું જ્ઞાન દેહના અભિમાનથી આવે છે. સ્વપ્ન અવસ્થાવાળો જીવ પોતાથી જુદું કાંઈક જુએ છે તેનું કારણ

સ્વપ્નદેહનું અભિમાન છે. તે દેહનું અભિમાન જાગ્રત થતાં છૂટી જાય છે. તેની સાથે સ્વપ્નાની ઈદંતા પણ જતી રહે છે. તેવી જ રીતે જો જાગ્રતના દેહનું અભિમાન છૂટી જાય તો જાગ્રતની ઈદંતા એટલે જુદું કાંઈ રહેતું નથી.

૧૦ જોનારથી જુદું કાંઈ (ઈદંતા) દેખાવાનું બીજું કારણ દ્રષ્ટા અને દૃશ્ય વચ્ચે ખાલી જગ્યા છે. તે ખાલી જગ્યા કોણે બનાવી અને કેવી રીતે થઈ, તે બાબત યુરોપ અને અમેરિકા વગેરે દેશોના વિદ્વાનો સાપેક્ષવાદ દ્વારા (ગણીતથી) બહુ સારો ખુલાસો આપી શકે છે. એ શોધ ઉપર લગભગ ૨૫૦૦૦ નવા પુસ્તકો લખાયાં છે. તેને આધારે દેશ (space) અને કાળ (Time) સાપેક્ષ બની ગયા છે. તેમાં દ્રષ્ટા, દર્શન અને દ્રશ્યનો સાથે વિચાર કરવામાં આવેલ છે. એ રીતે વિચાર કરતાં બહારની વસ્તુઓ (objects) તરીકે રહેલ નથી પણ બનાવ (events) બની ગયેલ છે. આ બધું તેઓએ ગણીતથી સિદ્ધ કરેલ છે તેથી એ સર્વમાન્ય સિદ્ધાંત થયેલ છે. તે સાયન્સવાળા કહે છે કે :-

Perceptual space is within the perceptual event and perceptual time is within the perceptual event.

એટલે દર્શન વખતના દેશ-કાળ દર્શનની અંદર છે. તેથી સાચી ઈદંતા બનતી નથી. તેથી ઈદંતા ભ્રાંતિ રૂપ છે તેથી બ્રહ્મમાં જગત પણ ભ્રાંતિ રૂપ છે અને અનેક જીવ પણ બની શકતા નથી.

૧૧ અજીવ એટલે જડ પદાર્થનો વિચાર કરીએ તો તેમાં નીચે પ્રમાણે સિદ્ધાંત બની શકે છે :-

(અ) જડ પદાર્થ પોતે પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરી શકતા નથી. ખુરશી કહેતી નથી કે પોતે ખુરશી છે. તેથી જડ પદાર્થને

સ્વ-સત્તા નથી. તેનું અસ્તિત્વ તેને જોનારો સિદ્ધ કરે છે.

(ક) ઉપર કહ્યું તેમ ઈદંતા ભ્રાંતિરૂપ છે તેથી જડ પદાર્થ પણ ભ્રાંતિ રૂપ છે.

(ખ) નાની ઉમરે ઉંચો લાગતો પથ્થરનો ઓટલો મોટી ઉંમરે નીચો લાગે છે તેથી પથ્થરના ઓટલાને આકાર નથી. આકાર હોય તો ફરવો જોઈએ નહિ. તેનો આધાર તેને જોનાર ઉપર છે તેથી બધું જડ પ્રાંતિભાસિક છે એટલે મિથ્યા છે.

૧૨ મિથ્યા એટલે તદ્દન ખોટું નહિ પણ અમુક દશામાં સાચા જેવું લાગે અને બીજી દશામાં તેનો બાધ થાય. જેમ કે સ્વપ્નું સ્વપ્ન વખતે સાચું લાગે છે અને જાગ્રત થતાં તેનો બાધ થાય છે તેથી સ્વપ્નું મિથ્યા કહેવાય છે. તેવી જ રીતે જાગ્રત, જાગ્રત વખતે સાચું છે પણ તેનો બાધ સ્વપ્નામાં થાય છે, ઉંઘમાં થાય છે, મૂર્છામાં થાય છે અને બ્રહ્મજ્ઞાન વખતે પણ થાય છે.

૧૩ ઉપર કહ્યું તેમ સ્વપ્નની ઈદંતાનો જાગ્રતમાં બાધ થાય છે, તેમ જાગ્રતની ઈદંતાનો બ્રહ્મદશામાં બાધ થાય છે. ઈદંતાનો બાધ થાય છે તેથી અનેક જીવ બની શકતા નથી. હું નું બહુવચન થતું નથી. હું નું બહુવચન કરીએ તો અમે થાય અને અમેમાં તું અને તે લેવા પડે. સ્વપ્નામાં ઘણા જીવ દેખાય છે છતાં જાગ્રત થતાં એક જીવ રહે છે. તેવી જ રીતે જાગ્રતમાં જ્યારે અનેક જીવ દેખાય છે ત્યારે ભ્રાંતિ શરૂ થાય છે. બ્રહ્મદશામાં અનેક રહેતા નથી. શ્રી રમણ મહર્ષિ જેવા વર્તમાન કાળના સંતપુરૂષ પોતાના અનુભવથી તેની ખાત્રી આપે છે. સ્વપ્ન વખતે સ્વપ્નાની ભૂલની ખબર પડતી નથી, તેનું કારણ એ છે કે સ્વપ્નાનું જ્ઞાન સ્વપ્નાના જગતને સિદ્ધ કરે છે તેથી એ દશામાં

ભૂલ શોધવી મુશ્કેલ પડે છે. જે પ્રમાણથી ઘણા જીવ લાગે છે તે પ્રમાણ સાચું છે કે નહિ તેની તપાસ કરવી જોઈએ.

૧૪ કોઈ એક માણસને બીજા માણસ વિશે પુરતું જ્ઞાન મળી શકતું નથી અને મળે તોયે પોતાના જ્ઞાન પ્રમાણે જાણવું પડે છે તેથી માત્ર પોતાનું જ્ઞાન ઠીક કરવાની જરૂર છે. ઉપર કહ્યું તેમ બે જીવ વચ્ચે જે ખાલી જગ્યા દેખાય છે તે ક્યાંથી આવી અને તે જગ્યા બાબતનું જ્ઞાન સાચું છે કે નહિ તેની તપાસ કરવી જોઈએ. જગ્યા અને કાળ એ સ્વતંત્ર દ્રવ્ય હવે રહેલા નથી. સ્વપ્નામાં બે જીવ વચ્ચે દેખાતી જગ્યા જાગ્રત થતાં જતી રહે છે અને સ્વપ્નાના જીવનો કાળ પણ જાગ્રત થતાં જતો રહે છે તેથી દેશ અને કાળ કલ્પિત છે, પણ સ્વપ્નાની અવસ્થા વખતે તે ચાલુ રહે છે.

૧૫ હાલનું સાયન્સ કહે છે કે દેશ અને કાળ જગતમાં નથી પણ જગત સાથે જોનારને જે સંબંધ થાય છે તેમાં જણાય છે. જોનારના વિચાર સિવાય જગતનો વિચાર થઈ શકતો નથી અને જોનારના પ્રમાણનો વિચાર થાય ત્યારે જગત પ્રાતિભાસિક થઈ જાય છે. પ્રાતિભાસિક વસ્તુમાં જ્ઞાત-સત્તા રહે છે, તે દ્રષ્ટિ તે કાળે જ રહે છે, તેથી તે સાક્ષી-ભાષ્ય છે અને આત્મજ્ઞાન થતાં તેની સવિશેષ નિવૃત્તિ થાય છે, એટલે બ્રહ્મજ્ઞાન વખતે જગતનો ત્રિકાલિક નિષેધ થાય છે. તેથી અનેક જીવ પણ રહી શકતા નથી.

૧૬ આત્મામાં શરીર વગેરે અજીવ પદાર્થો નથી એમ જૈન ધર્મમાં માનેલું છે અને વેદાન્તમાં પણ માનેલું છે. કારણકે એક અધિષ્ઠાનમાં વિરૂદ્ધ ધર્મ રહી શકે નહિ. છતાં જગતમાં અજીવ પદાર્થ કેમ દેખાય છે? તેનું કારણ જગતમાં અજીવ પદાર્થ છે

એમ નથી, પણ માણસની દૃષ્ટિથી અજીવ પદાર્થ દેખાય છે એમ કહી શકાય. માણસની દૃષ્ટિથી માણસનું જગત સાચું છે પણ માણસની દૃષ્ટિ એટલે માણસનું પ્રમાણ સાચું નથી. કોઈ માણસ ભક્તિભાવથી અજીવ મૂર્તિની પૂજા કરે છે તો તેની ભાવના પ્રમાણે તેમાં ચેતન જણાવા લાગે છે. એવું ઘણી મૂર્તિઓની બાબતમાં બનેલ છે. તેથી જ મૂર્તિઓ પૂજવામાં આવે છે. તેથી જડ દૃષ્ટિથી જડ દેખાય છે અને ચેતન દૃષ્ટિથી ચેતન દેખાય છે.

૧૭ તેથી જગત સત્ય છે કે મિથ્યા છે, એ પ્રશ્ન અપૂર્ણ છે. કાન્તિલાલને હાલના જ્ઞાનથી જે જગત દેખાય છે તે સત્ય છે કે મિથ્યા છે. એવો પ્રશ્ન લેવો જોઈએ, તેનો ઉત્તર એ છે કે કાન્તિલાલના જ્ઞાન પ્રમાણે કાન્તિલાલનું જગત બરાબર છે પણ તેનું જ્ઞાન ફરે ત્યારે તેની દૃષ્ટિ પ્રમાણે જગત દેખાય છે. કાન્તિલાલ મરીને મોર થાય તો મોરની દ્રષ્ટિનું જગત રહે અને કાન્તિલાલ બ્રહ્મ થાય તો બ્રહ્મ વ્યાપક હોવાથી જુદું કાંઈ રહે નહિ. તેથી અહં-ઈદં રહે નહિ અને તેથી જીવ કે જગત રહે નહિ, કારણકે તે વખતે સ્થાન ધર્મની દ્રષ્ટિ રહે નહિ. સ્વપ્નમાંથી ઉઠ્યા પછી સ્વપ્નાનો જીવ, સ્વપ્નાના કર્મ કે સ્વપ્નાના જગત રહેતા નથી, તેવી જ રીતે બ્રહ્મ જ્ઞાન થતાં જાગ્રતનો જીવ, તેના કર્મ અને જાગ્રતનું જગત રહેતા નથી.

શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે :-

કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગ્રત થતાં સમાય;
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

૧૮ મિથ્યાત્વ એટલે તદ્દન ખોટું નહિ. મિથ્યાત્વના કેટલાક પ્રકાર નીચે પ્રમાણે બની શકે છે :-

(અ) જે સત્ અસત્થી વિલક્ષણ હોય તે મિથ્યા કહેવાય છે.

(ક) જયાં જે દેખાય છે ત્યાં તે પરમાર્થથી નથી અથવા પોતાના સ્વરૂપથી નથી.

(ખ) જ્ઞાનથી જે નિવર્ત્ય થાય તે મિથ્યા છે.

(ગ) જે ઠેકાણે જે પરમાર્થથી નથી અથવા પોતાના સ્વરૂપે નથી ત્યાં તેનો જે માત્ર દેખાવ છે તે મિથ્યા છે.

(ઘ) જ્ઞાનની ખરી વસ્તુ સિવાય બીજું જે કાંઈ છે તે મિથ્યા છે.

(ડ) ત્રણ અવસ્થાના વિચારથી જાગ્રત અવસ્થાનું જગત મિથ્યા છે એમ સિદ્ધ થઈ શકે છે.

(ચ) સાપેક્ષવાદના સાયન્સથી પણ જગત મિથ્યા થઈ શકે છે.

(છ) મિથ્યાત્વનો ટુંકો અર્થ એટલો જ છે કે જે આત્માના અવિચાર કાળે સાચા જેવું લાગે અને આત્મજ્ઞાન વખતે તેનો બાધ થાય.

દોરડીનું જ્ઞાન થાય ત્યારે સર્પનો નાશ થતો નથી પણ સર્પ ત્રણે કાળે નહોતો એવું જ્ઞાન થાય છે. સ્વપ્નમાંથી ઉઠ્યા પછી સ્વપ્નનો નાશ થતો નથી. પણ સ્વપ્નું ત્રણે કાળે ખોટું હતું એવું જ્ઞાન થાય છે. જાગ્રતનું જગત પણ બ્રહ્મજ્ઞાનથી નાશ પામતું નથી પણ જગત ત્રણે કાળે નથી એવું જ્ઞાન થાય છે. છતાં સ્વપ્નની માફક જાગ્રતના જ્ઞાન વખતે જેવું જ્ઞાન તેવું જગત પ્રતીત થાય છે, પણ તે જ્ઞાન (એટલે તે પ્રમાણ) સાચું નથી. બ્રહ્મજ્ઞાનથી તેનો બાધ થાય છે, કેવળ પ્રતિભાસ સ્વરૂપ આરોપિત સર્પ, સર્પના જ્ઞાન પહેલાં રહેતો નથી, તેથી તે આંખથી જોવાની વસ્તુ નથી. આંખથી જોયેલ વસ્તુ દૃષ્ટિની પહેલાં આગળથી પડેલ હોય છે. દોરડીમાં જોયેલો સર્પ, સર્પના જ્ઞાન પહેલાં ત્યાં નહોતો, તેથી તે સર્પ પ્રાતિભાસિક છે અને સાક્ષી-ભાસ્ય છે. કાન્તિલાલનું જગત પણ કાન્તિલાલને જગતનું જ્ઞાન થાય પહેલાં નથી,

એટલે કે કાન્તિલાલના જ્ઞાનથી કાન્તિલાલને જે જગત દેખાય છે તે તેવું જ્ઞાન થયા પહેલાં નહોતું. જોનારને છોડીને જગતનો વિચાર થઈ શકતો નથી. જોનારની સાથે જગતનો વિચાર થાય ત્યારે પણ જોનારનું જ્ઞાન કેવું છે તેની તપાસ કરવી જોઈએ. કાન્તિલાલ જન્મ્યો ત્યારે તેને ખબર નહોતી કે જગત કોને કહેવાય, પછી માણસની વચ્ચે રહી માણસોએ જેવું જ્ઞાન આપ્યું તેવું તેણે શીખી લીધું અને તે તેનું પ્રમાણ થઈ ગયું. પ્રમાણને પરમાણું પણ કહે છે. દરજી પરમાણુ પ્રમાણે કપડાં કરે છે, પણ પરમાણું ખોટું હોય તો બધાં કપડાં બરાબર થતાં નથી. તેથી પ્રમાણ અથવા પરમાણું (અથવા માણસનું જ્ઞાન) ઠીક કરવાની જરૂર છે. ખાસ કરીને દેશ-કાળ વિશે માણસનું જ્ઞાન (માણસનું પ્રમાણ) સાચું છે કે નહિ તે માટે પશ્ચિમના ઘણા વિદ્વાનો પણ ભૂલમાં પડ્યા હતા, અને ઈ.સ.૧૯૦૫માં પ્રો.આઈન્સ્ટાઈને તેમની ભૂલ બતાવી સાચો સિદ્ધાંત આપ્યો. તેથી બધાને ઘણું આશ્ચર્ય થયું છે. આ બાબતમાં આ પુસ્તકના લેખકે ૩૦ વર્ષ સુધી અભ્યાસ કરીને એક પુસ્તક "દેશ અને કાળ"નું લખેલ છે. તે સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય (અમદાવાદ) તરફથી પ્રસિદ્ધ થયેલ છે. હાલ વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ, વલાદમાં ઉપલબ્ધ છે. કોઈ મતનો આગ્રહ રાખ્યા વગર તે સાયન્સનો અભ્યાસ કરવા જેવો છે.

એ સાયન્સ પ્રમાણે દેશ-કાળ સાપેક્ષ થવાથી કોઈ બનાવનું પરિણામ થતું નથી. દરેક બનાવની સાથે તેને લગતા દેશ-કાળ રહે છે તેથી જગત એ બ્રહ્મનો વિવર્ત છે. ચેતનનું પરિણામ થતું નથી, કારણ કે ચેતન નિર્વિકારી છે, જડનું પરિણામ થતું નથી, કારણ કે જડને સ્વ-સત્તા નથી. પરિણામને જોવાવાળો કોઈ જોઈએ અને તે જોવાવાળાનું જ્ઞાન સાચું છે કે નહિ તેની તપાસ કરવી જોઈએ. સ્વપ્નામાં ઘણા પરિણામ દેખાય છે અને સ્વપ્ન વખતે તે સ્વપ્નું નથી છતાં જાગ્રતના

જ્ઞાનથી તેનો બાધ થાય છે. જાગ્રતના જે જ્ઞાનથી પરિણામ દેખાય છે તે પણ સ્વપ્ના જેવું છે. હાલનું સાયન્સ પરિણામવાદને અનુમોદન આપતું નથી. પ્રત્યક્ષ પ્રમાણ સાચું નથી. પ્રત્યક્ષ પ્રમાણ અબાધિત અર્થને બતાવતું નથી. દ્વૈતના અનુભવ માટે વિષયો જોઈતા હોય તો સ્વપ્નાની માફક કલ્પિત વિષયો મળી શકે છે, પણ પારમાર્થિક અનેકત્વ મળી શકશે નહિ. પારમાર્થિક અનેકત્વ માટે ખાલી જગ્યા (space) જોઈએ. નવા સાયન્સના ઉત્પાદક પ્રો.આઈન્સ્ટાઈન કહે છે કે :- The structure of space is not really determined until the functions of the co-ordinates are known. એટલે જ્યાં સુધી આપણું જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયરૂપે પરિણામ પામે નહિ ત્યાં સુધી જગ્યા નક્કી થઈ શકતી નથી. સ્વપ્નામાં તે બાબતની ખાત્રી થાય છે. કાળ પણ એવી કલ્પિત ક્રિયામાંથી ઉત્પન્ન થાય છે. વેદાન્ત સિવાય બીજા મતમાં દેશ અને કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવામાં આવેલ છે તેથી તે મતમાં અનેક જીવ બની શકે છે. વેદાન્તમાં અને સાપેક્ષવાદના નવા સાયન્સમાં દેશ અને કાળને કલ્પિત માનેલ છે તેથી વિવર્તવાદ અને એકજીવવાદ સિદ્ધ થાય છે.

એક વખત અમદાવાદમાં સત્સંગ માટે એક સભા મળી હતી. સભામાં એક માણસે અમને એવો પ્રશ્ન પૂછ્યો હતો કે "પહેલાં એકલું બ્રહ્મ હતું તો તેમાંથી જીવ અને જગત શી રીતે થયાં ?" અમે તેને જવાબ આપ્યો કે "પહેલાં એકલું બ્રહ્મ જ હતું અને બીજું કાંઈ નહોતું, એવું જ્ઞાન તમને શી રીતે થયું ?" તે પ્રશ્નનો જવાબ તે આપી શક્યા નહિ કારણ કે બ્રહ્મનું જ્ઞાન થયા વગર તેમણે પ્રશ્ન પૂછ્યો હતો. આ પ્રશ્નમાં કાળનો પ્રશ્ન છે. જ્યાં સુધી બે બનાવની વચ્ચેનો ક્રમ જાણવામાં આવતો નથી ત્યાં સુધી કાળની ઉત્પત્તિ થતી નથી. એવો ક્રમ જાણવા માટે જ્ઞાતા પોતે પહેલા બનાવ વખતે અને બીજા બનાવ વખતે હાજર

રહેવો જોઈએ અને તેનું માપ ફરવું જોઈએ નહિ. હવેનું સાયન્સ કહે છે કે કાળનો ક્રમ સાપેક્ષ છે. એક જ બનાવ એક માણસને ભવિષ્યમાં લાગે અને તેજ બનાવ બીજા માણસને વર્તમાનમાં લાગે છે. દ્રષ્ટાંત તરીકે મુંબઈમાં એક ટ્રેન દાદરથી સેંટ્રલ સ્ટેશને જાય તો ડ્રાઈવરને સેંટ્રલ સ્ટેશન ભવિષ્યમાં લાગે અને તેની ઉપર વિમાનમાં કોઈ ઉડતું હોય તો તેમને સેંટ્રલ સ્ટેશન વર્તમાન કાળમાં લાગે. તેથી કાળનો ક્રમ સાચો નથી, તેથી જીવ કે જગતની ઉત્પત્તિ બનતી નથી. તેથી પ્રશ્ન કરનારને જે દેખાય છે તેનું જ્ઞાન તેને કેવી રીતે થાય છે તે પહેલાં નક્કી કરવું જોઈએ. જે બનાવની સાથે જે માણસનું જ્ઞાન જોડાયેલું રહે છે તે બનાવની અસર તેની ઉપર થાય છે, તે વખતે દેશ-કાળ પણ નવી જાતના થાય છે.

સાપેક્ષવાદ ઉપર ઉશેન્કો નામનો એક લેખક લખે છે કે :-

Status of actuality or potentiality of a perceived region depends not so much on the region itself as on the mode of the percipient's reaction to it.

એટલે જે જગત જેને દેખાય છે તે જગત બધાને માટે તેવું છે એમ કહી શકાય નહિ. જોનારનું જગત તેની દ્રષ્ટિ પ્રમાણે રહે છે.

બૃહદારણ્યક ઉપનિષદના બીજા અધ્યાયના ચોથા બ્રાહ્મણમાં કહેલ છે કે જે માણસ બ્રાહ્મણ જાતિને કે ક્ષત્રિય જાતિને પોતાના આત્માથી જાુદી જાણે છે તેને તે જાતિ દૂર કરે છે. જે આત્માથી સ્વર્ગ વગેરેને જાુદા જાણે છે તેને સ્વર્ગ વગેરે દૂર કરે છે. જે આત્માથી દેવોને જાુદા જાણે છે તેને દેવો દૂર કરે છે, જે આત્માથી કાંઈ પણ જુદું જાણે છે તે તેને દૂર કરે છે. વાસ્તવમાં આત્મા જ સર્વ રૂપ છે.

હવે આ બાબતનો યુક્તિથી વિચાર કરીએ અને પશુની દ્રષ્ટિ અને બ્રહ્મજ્ઞાનીની દ્રષ્ટિની તુલના કરીએ તો નીચે પ્રમાણે વિચાર થઈ શકે છે.

૧ કોઈ બિલાડીનું બચ્ચું પોતાની પૂંછડી સાથે ઘણા પ્રકારની રમત કરે છે. જો આપણે તેની દ્રષ્ટિથી જોવાની ટેવ પાડીએ તો તેના ઘણા ફોટા લઈ શકાય, તેમાં ઘણા નાટક બનતા હોય તેવું દેખાય. તેમાં હાસ્યનો ભાવ અને કરૂણાનો ભાવ પણ જણાય, કદાચ તે બચ્ચું તે દશ્ય સાથે કાંઈ વાત પણ કરતું હોય, છતાં વાસ્તવમાં ત્યાં માત્ર એક જ જીવ હોય છે. છતાં પશુની દ્રષ્ટિ વખતે તેની રમતમાં ઘણા જીવ હોય અથવા પૂંછડી એક જુદો જીવ હોય અને તેની સાથે તે રમતું હોય તેવું જણાય છે.

૨ બ્રહ્મજ્ઞાનીની દ્રષ્ટિથી જોઈએ તો શ્રીકૃષ્ણની ગોપીઓ સાથેની રાસલીલામાં તેમને એમ લાગતું નહોતું કે હું બીજા જીવ સાથે રમું છું, તેમને એમ લાગતું હતું કે હું મારી સાથે જ રમું છું. આવી રમતમાં સાધારણ માણસની દ્રષ્ટિથી બીજા જીવ હોવા છતાં શ્રીકૃષ્ણની દ્રષ્ટિથી બીજા જીવ નહોતા, પણ એ વાત બરાબર સમાજવા માટે બ્રહ્મજ્ઞાની થવું જોઈએ. ઘુવડ ઘુવડ રહીને દિવસે અજવાળું જોઈ શકે નહિ.

ઉપરના પહેલા દ્રષ્ટાંતમાં બે જીવ નથી છતાં પશુને બે દેખાય છે અને બીજા દ્રષ્ટાંતમાં માણસની દ્રષ્ટિથી ઘણા જીવ દેખાતા છતાં બ્રહ્મજ્ઞાનીની દ્રષ્ટિમાં એક જીવ છે.

ભેદની બાબતનો વધારે ખુલાસો ટી.એચ.હકસલી પોતાના નિબંધમાં નીચે પ્રમાણે કરે છે :-

I get the ideas of co-existence of number of distance and of relative place or direction. But all these ideas are ideas of relations and may be said to imply the existence of something which perceives those relations. If a tactile sensation is a state of the mind and localisation of that sensation is an act of the mind,

how is it conceivable that a relation between two localised sensations should exist apart from the mind. Thus it seems clear that the existence of some of the primary qualities of matter such as number and extension apart from mind is as utterly unthinkable as the existence of colour and sound under like circumstances. Will the others viz:-figure, motion and rest and solidity with-stand similar critisisms ? I think not. For all these like the foregoing are perceptions by the mind of relations of two or more sensations to one another. If distance and place are inconceivable in the absence of the mind of which they are the ideas, the independent existence of figure which is the limitation of distance and of motion which is change of place must be equally inconceivable.

એટલે જ્યારે કોઈ જોનારની દૃષ્ટિમાં અનેક જાતના ભેદ અને અનેક જાતના સંબંધવાળી ગતિ જોવામાં આવે છે ત્યારે ત્યાં માત્ર મન અને બહારના જગતનો સંબંધ રહેલો હોય છે. જો સ્પર્શનું જ્ઞાન મન ઇંદ્રિયો દ્વારા કરે છે તો જુદાપણાનું જ્ઞાન પણ મન ઇંદ્રિયો દ્વારા કરે છે, તેવી જ રીતે બહાર રહેલી બે વસ્તુના જુદાપણાનું જ્ઞાન પણ મનથી થાય છે. તેથી સંખ્યાનું જ્ઞાન અને દેશ-કાળનું જ્ઞાન પણ મનથી જ થાય છે. જેમ નામ અને રૂપ માયામાં અથવા મનમાં રહેલા છે તેમ આકાર, ગતિ, સ્થુલપણું વગેરે પણ માયામાં અથવા મનમાં રહેલ છે. બધા પ્રકારના સંબંધ મનથી થાય છે. જગ્યા, દૂરપણું, સંખ્યા વગેરે જોનારના મનથી થતા હોવાથી જોનારથી જુદી કોઈ સ્વતંત્ર વ્યક્તિ કે જીવ બની શકતા નથી.

આ બાબતની ખાત્રી આપણને સ્વપ્નમાં પુરેપુરી થાય છે, પણ સ્વપ્ન વખતે ભૂલની ખબર પડતી નથી. આપણે તે વખતે બીજા સ્વતંત્ર

જીવ હોય એવી રીતે તેમની સાથે વાતો કરીએ છીએ. એ ઉપર કહેલ બિલાડીના બચ્ચાની પુંછડી સાથે રમત જેવું છે. જાગ્રતમાં જે માણસોનું મન બિલાડીના બચ્ચા જેવું હોય છે, તેમને અનેક જીવ દેખાય છે. જેમનું મન શ્રીકૃષ્ણના જેવું હોય તેમને એક જીવ દેખાય છે. પણ બ્રહ્મદશા પ્રાપ્ત થયા વગર શ્રીકૃષ્ણનું જીવન સમજાય નહિ. બિલાડી માણસની દૃષ્ટિનું જગત સમજી શકે નહિ. તેથી દૃષ્ટિ માર્જન કરવાની જરૂર છે. આવી અઘરી બાબતો સમજવા માટે :-

૧ મોટા શહેરોમાં રહેવું ન જોઈએ.
૨ સત્સંગમાં અથવા એકાંતમાં રહી આત્માનો અનુભવ લેવો જોઈએ.
૩ ખોટા સુખ ઉપર વૈરાગ્ય આવવો જોઈએ.
૪ કેળવણીમાં ફેરફાર થવો જોઈએ.
૫ સાચા વિચારની ટેવ પાડવી જોઈએ.
૬ જ્ઞેય તરફ ધ્યાન આપવાને બદલે જ્ઞાનની રીત સુધારવા તરફ ધ્યાન આપવું જોઈએ.
૭ સાપેક્ષવાદ (Theory of Relativity)નો અભ્યાસ કરવો જોઈએ.

એટલું કામ થાય તો જણાશે કે Nirgun Brahma denies differences and Sagun Brahma unites difference-એટલે નિર્ગુણ બ્રહ્મ ભેદનો નિષેધ કરે છે અને સગુણ બ્રહ્મ ભેદનો અભેદ કરે છે. બન્નેનું પરિણામ એક આવે છે છતાં સાપેક્ષવાદનું નવું સાયન્સ પહેલા મતને ટેકો આપે છે.

માંડુક્ય ઉપનિષદ ઉપર શ્રી. ગૌડાપાદાચાર્યની કારીકા છે તેમાં ચોથા પ્રકરણમાં ઉંબાડીઆનું દૃષ્ટાંત આપી સમજાવેલ છે કે ઉંબાડીયું ચલાવીએ ત્યારે તેમાં ગોળાકારે અથવા બીજા આકારે જે ધર્મ જોવામાં

આવે છે, તે બીજે કોઈ ઠેકાણેથી તેમાં આવતા નથી અને ઉંબાડીયું ઉભું રાખીએ ત્યારે તે ધર્મ બીજે કોઈ ઠેકાણે ચાલ્યા જતા નથી; કારણ કે બીજા દ્રવ્યનો અભાવ છે. તેવી જ રીતે માત્ર ચેતન એક જ તત્ત્વ છે. જડને સ્વ-સત્તા નથી. તેથી અનેક જીવ બનવામાં કોઈ નિમિત્ત રહેતું નથી, માત્ર જોનારનું જ્ઞાન ઠીક કરવાની જરૂર છે. જેવું સ્વપ્નામાં છે તેવું જાગ્રતમાં છે.

પૂ.સ્વામિશ્રી માધવતીર્થજી લિખિત પ્રાપ્ય પુસ્તકોની સૂચિ

(૧)	અધ્યાત્મ ભાગવત સેટ	૧૨૦/-
(૨)	અધ્યાત્મ ભાગવત સાર	૩૫/-
(૩)	સ્વામીશ્રી કૃષ્ણાનંદજી જીવન ચરિત્ર	૫૦/-
(૪)	હું કોણ	૫૦/-
(૫)	તું કોણ	૪૦/-
(૬)	તે કોણ	૬૦/-
(૭)	પોતે કોણ	૩૦/-
(૮)	કાળની ગતિ	૪૫/-
(૯)	નિત્ય પ્રસાદ	૬૦/-
(૧૦)	રમણ મહર્ષિ તેમનો પરિચય અને બોધ	૩૫/-
(૧૧)	દેશ અને કાળ	૭૫/-
(૧૨)	જ્ઞાન લહેરી અને સત્સંગનો મહિમા	૨૦/-
(૧૩)	માયા	૧૫/-
(૧૪)	તે તું છે	૨૦/-
(૧૫)	વિચાર સૂર્યોદય	૧૫/-
(૧૬)	બ્રહ્મચર્યની માળા - ગૃહસ્થાશ્રમની માળા	૧૦/-
(૧૭)	મૂર્તિ પૂજાનું રહસ્ય	૧૫/-
(૧૮)	એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન	૩૫/-
(૧૯)	ભગવાન આપણી સાથે	૧૫/-
(૨૦)	સિદ્ધિઓ અને ચમત્કાર	૨૦/-
(૨૧)	બ્રહ્માસ્મિ માળા	૧૫/-
(૨૨)	દર્શનનો મહિમા	૧૫/-
(૨૩)	મહાત્મા શી રીતે ઉત્પન્ન કરી શકાય	૧૦/-
(૨૪)	વેદાંત રસ બિંદુ	૧૦/-
(૨૫)	પ્રાર્થના	૩૦/-
(૨૬)	આત્મ કથા	૨૦/-
(૨૭)	ભાગવત સ્તુતિ સંગ્રહ	૨૦/-

(૨૮)	ગુરુપૂર્ણિમા અને જીજ્ઞાસુને બોધ	૧૫/-
(૨૯)	ચિત્તશુદ્ધિ અને તત્ત્વદર્શન	૧૫/-
(૩૦)	મહાભારતનું ગુપ્ત રહસ્ય	૧૫/-
(૩૧)	સમ્યક્ દર્શન	૫/-
(૩૨)	દગ-દશ્ય વિવેક	૫/-
(૩૩)	કૈવલ્ય ઉપનિષદ્	૫/-
(૩૪)	ધ્યાન અને જ્ઞાન	૫/-
(૩૫)	શ્રીમદ્ ભગવદ્ ગીતા મૂલ	૧૨/-
(૩૬)	નિત્ય પ્રાર્થના	૧૦/-
(૩૭)	પ્રવૃત્તિ અને નિવૃત્તિ	૫/-
(૩૮)	વેદાંત પ્રક્રિયા	૧૫/-
(૩૯)	તુરીય	૧૫/-
(૪૦)	Wonders of the Time-Space	૫૦/-
(૪૧)	જગતમાં જીવ કેટલા છે ?	
(૪૨)	દૃષ્ટિ સૃષ્ટિવાદ	
(૪૩)	સ્વપ્નાના ઘરમાં પેઠેલો ચોર	

અન્ય પુસ્તકો :-

(૧)	શ્રીમદ્ ભગવદ્ ગીતા (મોટા અક્ષર)	૧૫/-
(૨)	શ્રીમદ્ ભગવદ્ ગીતા નાની	૭/-
(૩)	ઉત્તર ગીતા	૧૦/-
(૪)	આનંદ ભજનાવલી	૫/-
(૫)	શ્રી વેદાંત માર્ગદર્શિની	૪૦/-
(૬)	શ્રી વિચાર સાગર	૮૫/-
(૭)	શ્રી પંચીકરણ	૩૦/-
(૮)	સંતોની અનુભવ વાણી	૪૦/-

વેદાંત આશ્રમ ટ્રસ્ટ

મુ.ફુલપુરા, પો.વલાદ, જી.ગાંધીનગર-૩૮૨૫૫૫.

ફોન : ૦૭૯-૨૩૨૭૭૩૧૬